Chapter-3

# પ્રકરણ—૩

# પ્રત્યક્ષ વિવેચન

વિવેચક શિરીષ પંચાલે સૈદ્ધાન્તિક વિવેચનાની તુલનાએ પ્રત્યક્ષ વિવેચન પ્રમાણમાં ઓછું કર્યું છે. એમણે સૈદ્ધાન્તિક વિવેચનમાં રૂપરચનાવાદી, માનવતાવાદી, ઐતિહાસિક અભિગમો, સાહિત્યિક-પ્રવૃત્તિઓ, સાહિત્યિક સિદ્ધાંતો વિશે વિચારણા કરી છે. એમણે કુલ (૪૬) કૃતિઓનું પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. જેમાં પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. મેં આ વિભાગમાં પાશ્ચાત્ય, ભારતીય અને ગુજરાતી કૃતિઓનો સમાવેશ કર્યો છે. ગુજરાતી કાવ્યકૃતિની સંખ્યા (ચાર) છે, ગુજરાતી કાવ્યસંગ્રહ (એક), ગુજરાતી ટૂંકીવાર્તાની સંખ્યા (ચાર), પાશ્ચાત્ય ટૂંકીવાર્તા (ચાર), ગુજરાતી ટૂંકીવાર્તા સંગ્રહ (એક), ગુજરાતી નવલકથાની સંખ્યા (પાંચ), ભારતીય નવલકથા (બે), પાશ્ચાત્ય નવલકથા (ચાર), પાશ્ચાત્ય નાટક (એક), ગુજરાતી નિબંધની સંખ્યા (એક), ગુજરાતી વિવેચન સંગ્રહો અને લેખોની સંખ્યા(૪૨) છે. એ સિવાય એમનું 'સામયિક' સંદર્ભેનું વિવેચન અન્ય (ત્રણ) લેખમાં છે. વિવેચક 'એતદ્' અને 'સમીપે' બે સામયિકોમાં સંપાદકીય ભૂમિકા નિભાવી રહ્યાં છે. આ પ્રકરણમાં મારો હેતુ વિવેચકે કરેલી કૃતિની તપાસ આસ્વાદરૂપે છે કે, અવલોકન રૂપે કે સમીક્ષા રૂપે એને દર્શાવી આપવાનો રહ્યો છે. વિવેચકે પ્રત્યક્ષ વિવેચન કરવા માટે પસંદ કરેલ વિવેચન પદ્ધતિ કે વિવેચનાત્મક અભિગમ દ્વારા પ્રાપ્ત થતાં પરિણામોનું મેં મૂલ્યાંકન કર્યું છે.

**કાવ્યકૃતિઓ**

વિવેચકે રાજેન્દ્રશાહના કાવ્યોનું 'કંકાવટી' અને 'એતદ્' સામયિકમાં પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. રાજેન્દ્રશાહના કાવ્યો જેમકે, 'તને જોઈ જોઈ તોય તું અજાણી', 'સુધામય રાગિણીઃ એક વિશિષ્ટ સોનેટ યુગ્મ', 'હે અંધકાર', 'નિરુદ્દેશે' વિશે વિવેચકે આસ્વાદમૂલક અભિગમ અપનાવ્યો છે. એમણે કૃતિની તપાસ દરમ્યાન કવિકર્મ, શબ્દની પસંદગી, ભાષાકર્મ, ચિત્રાત્મક શકિત, પ્રાસ-લય, વિશેષણો, કવિપ્રતિભા, કવિદષ્ટિ, કલ્પનોનું નિરૂપણ, ભાવવિશ્વ, પ્રકૃતિવર્ણન જેવા કાવ્યના અંતરંગ ઘટકતત્ત્વોનો આસ્વાદ કારાવ્યો છે. વિવેચકની હથોટી એમ જોવા

જઈએ તો કથાસાહિત્યના વિવેચનમાં છે. એમણે કાવ્યકૃતિની તપાસ દરમ્યાન ઘણાં એવા અર્થઘટનો કર્યા છે જે કાવ્યના ભાવવિશ્વ સાથે બંધબેસતાં ન હોય. એમણે રાજેન્દ્રશાહના અમુક કાવ્યની તુલના નાયિકાઓના સંદર્ભે ગુજરાતી અને પાશ્ચાત્ય વાર્તાકારોની વાર્તાસૃષ્ટિમાં આવતી નાયિકાઓ સાથે કરી છે. વિવેચનના મોટા ભાગના સૈદ્ધાન્તિક વિવેચન હોય કે પ્રત્યક્ષ વિવેચન એમાં તુલનાત્મક અભિગમ આંખે ઊડીને વળગે છે.

**'તને જોઈ જોઈ તોય તું અજાણી'** લેખમાં વિવેચકે કાવ્યકૃતિનું ભાવવિશ્વ ઊઘાડી આપ્યું છે. નાયિકાના અસ્તિત્ત્વની, નાયકની નાયિકાને પામવાની ઝંખના, નાયિકાની સમૃદ્ધિનું સહસ્ય, પ્રકૃતિના તત્ત્વોનો વિનિયોગ, નાયક અને નાયિકાના પાત્રનું ઊઘડવું જેવી કાવ્ય વિષયક વિગતોનો વિવેચકે આસ્વાદની ભૂમિકાએ રસાસ્વાદ કરાવી આપ્યો છે.

**'સુધામય રાગિણી : એક વિશિષ્ટ સોનેટ યુગ્મ'** લેખમાં પ્રથમ સોનેટમાં જગતનો લોપ, માત્ર નાયક-નાયિકાની જ ઉપસ્થિતિ એની નોંધ લઈ વિવેચકે આ સોનેટની ચર્ચા ઈત્તર સંદર્ભોને આધારે કરી છે જે સુસંગત પ્રતીત થતી નથી. બીજા સોનેટમાં નાયક-નાયિકાની ઊર્ધ્વગતિ, આકાશ અને ધરતીના મિલનરૂપી ચિત્રની નોંધ તથા મિલનથી થતી મોતીની ઉત્પત્તિના રસસ્થાનોનો પરિચય વિવેચકે કરાવ્યો છે. ભાવકચેતનાથી ગ્રહણ કરીને એનું સૌંદર્ય વર્ણવે છે.

**'હે અંધકાર !'** કાવ્યમાં અંધકાર શબ્દનાં માટે પ્રયોજેલા વિશેષણો, અંધકારને નકારાત્મક માનતો નાયક, કાવ્યના અંતે નાયકને લાધતો બોધ, કલ્પનોનું નિરૂપણ, ભાવનિરૂપણ, અંધકાર દ્વારા સર્જાતાં વિરોધાભાસને વિવેચકે વ્યાપક ભૂમિકાએ મૂલવયાં છે.

**'નિરુદ્દેશે'** વિશેના લેખમાં રાજેન્દ્ર શાહની પ્રસ્તુત રચનાનાં કવિ અને પ્રકૃતિ વચ્ચેના સંવાદને, પંચેન્દ્રિયોથી થતો સ્પર્શ, અન્વયયોજના, ઈન્દ્રિયરાગનો પ્રાસ, સુગંધ, પ્રકૃતિવર્ણન, ભાવવિશ્વ, નાદસૌંદર્યના અનુસંધાનમાં વિવેચકે રસલક્ષી સ્થાનો ઉઘાડી આપ્યાં છે. વિવેચકે વર્ણનાત્મક પદ્ધતિએ કવિકર્મનો પરિચય કરાવ્યો છે.

વિવેચકે કાવ્યના વિષયોનું મૂર્તીકરણ કરવામાં કવિ કેવી કેવી પ્રયુક્તિઓ યોજે છે એની સ્પષ્ટતા પણ કરી આપી છે. વિવેચકે માત્ર રાજેન્દ્રશાહનાં કાવ્યોનું જ પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. આ રાજેન્દ્રશાહ એમના પુરોગામીથી કાવ્યરચનાને લઈને જુદાં પડે છે. આ કવિના કાવ્યોનું જગત ચેત્તોવિસ્તાર કરાવે છે માટે વિવેચકે પોતે કબૂલ્યું છે કે, **'રાજેન્દ્રશાહ જેવા કવિની રચનાઓના આસ્વાદ કૃતિનિષ્ઠ ભૂમિકાએ જ રહીને કરવા જઈએ તો કેટલુંક ચૂકી પણ જવાય.'**[૧૫૪] એમણે આત્મલક્ષી વિધાનો કર્યા હોવાથી એમની વિવેચના પ્રભાવવાદી વિવેચનાની પ્રતીતિ કરાવી જાય છે. વિવેચકે કાવ્યોનાં ઉદાહરણો નોંધીને અને એમાં પણ પસંદગીની પંક્તિઓના ઉદાહરણોથી કવિના કવિકર્મ વિશે ચર્ચા કરવાનો અભિગમ મહ્દઅંશે વસ્તુલક્ષી બન્યો નથી.

**કાવ્યસંગ્રહ (ગુજરાતી )**

નીતિન મહેતા કૃત 'નિર્વાણ' કાવ્યસંગ્રહ (પ્ર.આ.૧૯૮૮) વિશે વિવેચકે એતદ્ સામયિકમાં પ્રકાશિત લેખમાં નીતિન મહેતાના કાવ્યગુચ્છોની રચનાઓમાં અનુભવેલ સર્જકતા, મૌલિકતાની સાથે એકવિધતા અને સામાન્યતાને અનેક કાવ્યપંક્તિઓના ઉદાહરણ વડે રજૂ કરી છે. નીતિન મહેતા મહાનગરની ભયાવહતાને વ્યકત કરવા માટે એને અભિનવ રીતે આકારે છે. વિવેચકે પોતાની પ્રતીતિને વિગતે સાધાર રજૂ કરવી જોઈએ જે કરી નથી. તેથી એમનો પ્રભાવમૂલક પ્રતિભાવ જ બને છે. વિવેચકે નીતિન મહેતાની કાવ્યરીતિઓમાં જોવા મળતી વિશેષતાઓને વર્ણવી છે. નાટયાત્મક ઉકિતઓ, કથનાત્મકતા, નગરજીવનની ભયાવહ છબિને રજૂ કરવા માટે કલ્પનોનો વિનિયોગ એમ કવિકર્મની નોંધ કરી છે. કાવ્યના વિષયોને સ્પષ્ટ કરે છે અને સંવેદનાઓના રૂપોને દર્શાવે છે પણ કવિના ભાષાકર્મ વિષે સઘન નોંધ મળતી નથી. તેથી પ્રસ્તુત લેખ અવલોકન છે, સમીક્ષા નથી. વિવેચકે નીતિન મહેતાની કવિતાની ચર્ચા કરતી વખતે પુરોગામી કવિઓની રચનાઓનાં ઉલ્લેખો કર્યા છે પણ એ બધા સંદર્ભો બહુ કાર્યરત બને તે કક્ષાના

નથી. પંક્તિઓના જરૂર કરતાં વધારે ઉદાહરણોને કારણે લંબાણનો અનુભવ થાય છે.

## ટૂંકીવાર્તા

વિવેચકે (ચાર) પાશ્ચાત્ય ટૂંકીવાર્તાઓનું અને (ચાર) ગુજરાતી વાર્તાઓનું પ્રત્યક્ષ વિવચેન 'એતદ્', 'સન્ધિ', 'ફાર્બસ ત્રૈમાસિક' અને 'સાયુજય-૧' માં કર્યું છે. વિવેચક પસંદ કરેલી વાર્તાઓને વિષયવસ્તુ, પાત્રાલેખન, ભાષા, નિરૂપણરીતિ, વર્ણનના સંદર્ભે તપાસી છે. અમુક વાર્તાનું જાતિ, સમાજ, સંસ્કૃતિ, બોલી, કથનપ્રયુક્તિ સંદર્ભે અવલોકન રજૂ કર્યું છે. વિવેચકે વાર્તા સર્જકની વિવિધ પ્રયુક્તિઓને તુલનાત્મક ભૂમિકાએ પણ વર્ણવી છે. એમણે પાશ્ચાત્ય ટૂંકીવાર્તાઓ જેવી કે 'અર્નેસ્ટ હેમિંગ્વેની બે વિશિષ્ટ વાર્તાઓ', 'મેટમોર્ફોસિસ', 'અ વર્ન પાથ' વિશેની પસંદગી કરી. મનુષ્યનો જીવન જીવવા માટેનો સંઘર્ષ, એમાં પ્રાપ્ત થતો વિજય-પરાજય, સત્તાવાહી સૂર, યાંત્રિકતા, જડતાને ઉજાગર કરી આપતાં પાસાંઓની ગૂંથણી વ્યવસ્થિત રીતે થઈ છે કે નથી થઈ એની તપાસ કરી છે.

વાસ્તવિકતાનું વિશિષ્ટ રીતે થતું રૂપાંતર, પ્રતીકાત્મકતાના પ્રગટીકરણ માટે થતો વાસ્તવનો વિનિયોગ, વાસ્તવિકતાને રૂપાન્તરિત કરતી સર્જનાત્મક કલ્પના, round પાત્રો અને flat પાત્રોનું વ્યક્તિત્ત્વ, પાત્રોની સ્વાભાવિક લાક્ષણિકતાઓ, પાત્રોમાં આવતું પરિવર્તન જેવાં ઘટકતત્ત્વોના સંદર્ભે વિશ્લેષણાત્મકપરક ભાષામાં 'ધ સ્નોઝ ઓવ્ કિલિમાંજારો' અને 'અ શોર્ટ હેપી લાઈફ ઓવ ફ્રાન્સિસ મેકોમ્બાર'ની સમીક્ષા કરી છે. હેરી, હેલન અને વિલ્સન, માર્ગરિટ તથા મેકોમ્બારનું પાત્રલેખન કરવામાં હેમિંગ્વેએ કળાત્મકતા સિદ્ધ કરી આપી છે. વિવેચક જયાં હેમિંગ્વેની વિચારણાઓથી સંમત થતા નથી ત્યાં એઓ દલીલ પણ કરે છે.

'મેટમોર્ફોસિસ' ટૂંકીવાર્તાની તપાસ તુલ્યભાવે આયેનેસ્કોના નાટક 'રાઈનોસરોસ' સાથે કરી છે. બંને કૃતિઓ વચ્ચેના ભેદને વસ્તુલક્ષી ભૂમિકાએ તપાસ્યો છે. **'કાફકાની કૃતિમાં સ્વરૂપાંતર પામેલો નાયક સાચા અર્થમાં છેક સુધી**

**માનવીય રહે છે, જયારે આયેનેસ્કોના આ નાટકમાં સ્વરૂપાંતર માત્ર એક જ વ્યકિત પામતી નથી, આખું નગર આવી અવસ્થામાં મુકાઈ જાય છે; નાયક એકલો જ રૂપાંતર પામ્યા વિનાનો રહી જાય છે.'**[૧૫૫] કાફકાની કથાસૃષ્ટિમાં કપોળકલ્પિત અને વાસ્તવવાદી નિરૂપણરીતિ, સત્તાવાહી સૂર, યંત્રવ્યવસ્થા, માનવીયતાનો હ્રાસ, અમાનવીય જગત તરફથી થતો નાયકનો અસ્વીકાર જેવા પાસાંઓને મૂલવ્યાં છે.

'અ વર્ન પાથ' વિશેના લેખમાં વિવેચકે 'વૃદ્ધા'ના પાત્રને કેન્દ્રમાં રાખીને આખી વાર્તાને તપાસી આપી છે. વિવેચકે વર્ણનાત્મક પદ્ધતિએ વૃદ્ધાનું પાત્ર પ્રથમ ભાગ અને બીજા ભાગમાં જુદી રીતે નિરૂપાયું છે એને મૂલવી આપ્યું છે. અહીં એમની ભાવક ચેતનાનો સંસ્પર્શ થાય છે. વિવેચકે ભાષા, પાત્ર, પ્રયુકિતને સંદર્ભે વાર્તાને કળાત્મકતાની દષ્ટિએ ઊઘાડી આપી છે.

ગુજરાતી ટૂંકીવાર્તામાં 'ભીલલોક મહાકાવ્ય': રાઠોડ વારતા', સુરેશ જોષી કૃત 'વર્તુળ' અને 'અગતિગમન', 'રાક્ષસ' વિશે વિવેચકે પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. 'ભીલલોક મહાકાવ્ય' : રાઠોડ વારતા'નું પ્રત્યક્ષ વિવેચન કરતી વખતે વિવેચકે 'રાઠોડ વારતા'નું વિષયવસ્તુ, કથનશૈલી, વાર્તાનાં સ્વરૂપ વિશે પરિચયાત્મક નોંધ આપી છે. આ ગ્રંથની વિશેષતા વિવેચકે દર્શાવી આપી છે. **'આ ગ્રંથ પ્રાચીન સંસ્કૃતિ, સાહિત્ય, નૃવંશવિજ્ઞાન, મનોવિજ્ઞાનનાં ક્ષેત્રોને આવરી લે એ પ્રકારનો છે.'**[૧૫૬] વિવેચકે વિષયવસ્તુને વધુ પ્રાધાન્ય આપ્યું છે. પાત્રલેખનની ચર્ચા બહુ સીમિત માત્રામાં કરી છે. ચરિત્રચિત્રણ, કથનરીતિ અને ભાષાની સંકુલતાઓ વિશે વધુ તપાસ થઈ શકે છે એની શકયતાઓ દર્શાવી આપી છે. વિવેચકના આ લેખનું મહત્ત્વ એક દષ્ટિએ એ છે કે જે આદિવાસી સાહિત્ય છે એને હાંસિયામાં જ મહદ્અંશે રાખવામાં આવ્યું છે વિવેચકે એને તપાસનાં વિષયરૂપે સ્વીકાર્યું. અને આ સાહિત્યની તપાસ થાય તો વણખેડાયેલું સાહિત્ય વધુ માત્રામાં આપણી સમક્ષ આવે એની સંભાવના છે. વિવેચકે આ ગ્રંથની પરિચયાત્મક નોંધ લીધી છે. વિવેચકે બીજી રીતે આ વાર્તાનું મૂલ્યાંકન, સમીક્ષા કે અવલોકન કર્યું નથી.

સુરેશ જોષી કૃત 'વર્તુળ' અને 'અગતિગમન' વિશે વાર્તાના લેખમાં વિવેચકે સુરેશ જોષીના સર્જનકાર્યની સ્પષ્ટતાઓ કરી આપી છે. એમણે પ્રભાવમૂલક વિવેચના કરી હોય એવી પ્રતીતિ ચોકકસ થાય છે. એમણે વિષયવસ્તુ, ભાષા, પ્રયુકિતના સંદર્ભે મૂલવી છે. આ વાર્તાનું પાત્ર લાભશંકરને નિરૂપવામાં વાર્તાકારે કળાત્મકતા સિદ્ધ કરી છે. લાભશંકરના જીવનમાં પરિવર્તન આવે છે એની ઝાંખી પણ પ્રતીકો દ્વારા જ કરાવી આપે છે. લાભશંકરના પાત્રની લાક્ષણિકતાઓ પણ સદષ્ટાંતમૂલક ચર્ચી છે. વાર્તાના અંતે લાભશંકરના જીવનમાં જે પરિવર્તન આવે છે એની નોંધ ભાષાના અનુસંધાનમાં લીધી છે. '

અગતિગમન' વાર્તાની કથનકેન્દ્ર, સંક્રમણહીનતા, પાત્રનું મનોજગત, પાત્રની લાક્ષણિકતાઓના અનુસંધાનમાં ચર્ચા કરી છે. વિવેચકે બંને વાર્તાના નાયકની તુલના કંઈ રીતે જુદાં પડે છે એના સંદર્ભમાં કરી છે. વિવેચકની પદ્ધતિ કૃતિનિષ્ઠ જ રહી છે. 'રાક્ષસ' વાર્તાને વર્ણનો, રેખાચિત્રો, ભાષા, વ્યંજના, વાતાવરણ, કપોળકલ્પિત સૃષ્ટિના અનુસંધાનમાં આસ્વાદમૂલક અભિગમે તપાસી છે. કલ્પન, પ્રતીક અને ભાષા વડે કામ કર્યું છે. એની નોંધ લઈ વિવેચકે નાયક-નાયિકાની વૃતિઓ, એમની સહજતા, સ્વાભાવિક લાક્ષણિકતાઓની સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણાત્મકપરક ભાષામાં ચર્ચા રજૂ કરી છે. વિવેચકે ગુજરાતી ટૂંકીવાર્તાની પસંદગી એક જ વાર્તાકારની ત્રણ વાર્તાઓ પર ઉતારી છે. આ ત્રણ વાર્તાઓમાં પાત્રો આંતરિક સંઘર્ષની જે અનુભૂતિ કરે છે એને નિરૂપવામાં વાર્તાકારની પાત્રનિરૂપણ શકિતનો પરિચય કરાવી આપ્યો છે. વાર્તાની સૃષ્ટિનું વર્ણન પણ ભાષાકર્મ વડે જીવંત બનાવી દીધું છે એની નોંધ વિવેચકે લીધી છે.

વિવેચકે પાશ્ચાત્ય અને ગુજરાતી ટૂંકીવાર્તાના પ્રત્યક્ષ વિવેચનમાં મોટાભાગે આસ્વાદમૂલક પદ્ધતિએ કૃતિકેન્દ્રી ચર્ચા કરી છે. એમણે જે-જે વાર્તાઓ પસંદ કરી એ વાર્તાના મુખ્ય વસ્તુમાં માનવીના જીવનમાં આવતો સંઘર્ષ અને માનવીય જીત-પરાજિતતા પર આધારિત વિષય વસ્તુવાળી વાર્તાઓને પસંદ કરી છે. તે ઉપરાંત શિરીષ પંચાલે સત્તાનો સૂર, યાંત્રિકતાએ મનુષ્યચેતનાને જડ બનાવી દીધી છે એવી વાર્તાઓની પસંદગીનો પણ ઉપક્રમ રાખ્યો છે. શિરીષ પંચાલની વાર્તાને

તપાસવાની પદ્ધતિ ભાવકને વાર્તા વિશેની એક નવી અનુભૂતિ કરાવે એવા પરિમાણોને દર્શાવી આપનારી રહી છે. એમણે વાર્તાઓમાં જે વાર્તાતત્ત્વનો ઘટસ્ફોટ ચીંધી આપ્યો છે, એ કદાચ ગુજરાતી ટૂંકીવાર્તાને નવી દિશાનો ઉઘાડ કરી આપનારો બની રહે છે.

**વાર્તાસંગ્રહ (ગુજરાતી)**

'જણસ' વાર્તાસંગ્રહ બાબુ છાડવાનો છે જેનું સંપાદન નાયક દંપતીએ કર્યું છે. આ વાર્તાસંગ્રહનું પ્રત્યક્ષ વિવેચન કરવાનું વિવેચકે પસંદ કર્યું છે. કારણ કે આ વાર્તાસંગ્રહની વાર્તાઓ કોઈ એક ઢાંચાને અનુસરતી નથી. વિવેચકે વિષયવસ્તુ, પ્રયુકિતઓ, પાત્રાલેખન, વિષયવસ્તુમાં આવતું પુનરાવર્તન, પ્રસંગો અને નિબંધ શૈલીના વિનિયોગ સંદર્ભે કૃતિકેન્દ્રી વિચારણાનાં અનુસંધાનમાં તપાસ કરી છે. વિવેચકનું કહેવું છે કે આ વાર્તાકાર પાસેથી વધુ વાર્તા પ્રાપ્ત થઈ હોત તો વાર્તાને પોતાની રીતે આકાર આપી શકયા હોત પરંતુ એમના અવસાનને લીધે શકય થતું નથી.

**નવલકથા**

વિવેચકે કુલ દસ નવલકથાઓનું પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. જેમાં પાશ્ચાત્ય નવલકથા, ભારતીય નવલકથા અને ગુજરાતી નવલકથાનો સમાવેશ થાય છે. એમની સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચનલક્ષી વિચારણા વચ્ચે અમુક વાર વિરોધાભાસ જોવા મળશે. એમની સૈદ્ધાન્તિક વિવેચનલક્ષી વિચારણામાં કૃતિનિષ્ઠ કે રૂપરચનાવાદી વિચારણા અનુષંગે એમનું આત્યંતિક વલણ જોવા મળે છે. જયારે પ્રત્યક્ષ વિવેચનમાં એઓ કૃતિનિષ્ઠ કે રૂપરચનાવાદી સંદર્ભે આત્યંતિક વલણ આપનાવતાં નથી. એમનું કાવ્ય, ટૂંકીવાર્તા અને નવલકથાનું પ્રત્યક્ષ વિવેચન આ વાતની પૂર્તિ કરી આપે છે. એમણે કૃતિનિષ્ઠ વિવેચનને હાંસિયામાં મૂકીને માત્ર માનવીય અભિગમને જ મહત્ત્વ આપ્યું છે એવું પણ નથી. પરંતુ જે રીતે 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' પુસ્તક અને 'બાલવબોધી વિવેચના' એમના અન્ય

સૈદ્ધાન્તિક વિવેચનનાં લેખોમાંથી પસાર થઈએ અને જયારે પ્રત્યક્ષ વિવેચનમાંથી પસાર થઈએ ત્યારે ચોકકસ એમની બંને પ્રકારની વિવેચનલક્ષી વિચારણામાં ભેદ જોવા મળે છે. નવલકથાના લેખોમાં ખૂબ વિસ્તારપૂર્વક વર્ણનાત્મક પદ્ધતિએ મૂલ્યાંકન, અવલોકન કે આસ્વાદ કરાવતાં લંબાણ વધી જાય છે. જે વિયષ પરત્વેની ચર્ચા પર પકડ રાખવાની હોય એ ન રહેતાં વિવેચક તુલનાભાવે અન્યકૃતિઓ સાથે એની તુલના કરતાં એક કૃતિ વિશેનો સંપૂર્ણ અભ્યાસ પ્રાપ્ત થતો નથી. એમના નવલકથા વિષયક પ્રત્યક્ષ વિવેચનમાંથી પસાર થતાં મને એ અનુભૂતિ થઈ કે જીવન અને માનવતાને ચાહનારાં વિવેચક છે તથા કળાત્મકતાને સિદ્ધ કરનારાં તત્ત્વોને પણ ઈચ્છે તો છે જ.

વિવેચકે નવલકથામાં નિરૂપિત સંવેદન, સર્જનકર્મ, પાત્રાલેખન, વસ્તુસંકલના, કથનપ્રયુકિત, સાંસ્કૃતિક-સામાજિક પરિવેશ, લેખનશૈલી, મૂલ્યોનો હ્રાસ, સમકાલીન વાતાવરણ, વર્ણનરીતિ, કથનરીતિ, ભાષાકર્મના સંદર્ભે વસ્તુલક્ષી અને આસ્વાદમૂલક ભૂમિકાએ મૂલ્યાંકન કર્યું છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક અને માનવતાવાદી રહ્યો છે.

**'ધ ઈડિયટ'**નવલકથાનાં મુખ્ય પાત્ર મિશ્કીનને વિસ્તૃત રીતે મૂલવી આપે છે. દોસ્તોએવસ્કી કૃત 'ધ ઈડિયટ' નવલકથામાં નવલકથાકાર એ જ કહેવા માંગે છે કે, સમકાલીન વાતાવરણ એવું છે કે ઉદ્ધાર કરવા આવનાર માનવીને પણ પાછા જતાં રહેવું પડે છે. માનવીય વ્યકિતત્ત્વનો લોપ થવા પાછળ જવાબદાર તત્ત્વોના અનુસંધાનમાં આ નવલકથા રચાઈ છે. આ નવલકથાના મુખ્ય પાત્રો એકબીજાના પૂરક છે. આ પાત્રોમાં એકબીજાનાં સ્વભાવમાં જોવા મળતાં વિરોધાભાસ વિવેચકે પાત્રોના કાર્યોના સંદર્ભે દર્શાવી આપ્યાં છે. કયા પાત્રો માનવીય બની રહે છે એની ચર્ચા પણ એમણે નવલકથાના અનુસંધાને જ કરી છે. વિવેચકની માનવતાવાદી વિચારણાનો પરિચય પણ અહી થાય છે. જેમ કે, **'સંત બનીને મોનવીનો ઉદ્ધાર ન કરી શકાય. માનવીય સંદર્ભની બહાર જઈને માનવની સમસ્યાનો ઉકેલ કદી શોધી શકાય નહીં'**[૧૫૭] નવલકથાકાર પાત્રોને કેવી રીતે કસોટીએ ચડાવે છે એની પણ નોંધ લીધી છે. આ નવલકથાના પાત્રો દ્વારા માનવીય ગૌરવ, અપૂર્ણતા, સમસ્યા,

સંઘર્ષ, લાચારી, અસહાયતા, કરુણા, અનુકંપા જેવા માનવીય સ્વભાવની ચર્ચા કૃતિલક્ષી ભૂમિકાએ કરી છે. આ નવલકથામાં 'ઊડતી માખી' પ્રતીક રૂપે આવે છે એની ચર્ચા ઉચિત પરિપ્રેક્ષ્યમાં કરી છે. ભવિષ્યની નવલકથાઓમાં માનવીની છબિ આવી હશે એના એંધાણ 'ધ ઈડિયટ' માં જોવા મળે છે. વિવેચકે એનો શ્રેય નવલકથાકાર દોસ્તોએવસ્કીને આપ્યો છે.

**'કાર્સન મેક્કુલર્સ કૃત' 'ધ બેલડ ઓવ્ ધ સેડ કાફે': પ્રાદેશિક સીમાઓ ઉલ્લંઘીને માનવમાત્રની વાસ્તવિકતા પ્રગટાવતી નવલકથા'-** વિવેચકે આ નવલકથાના પાત્રોનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યું છે. આ નવકલથાના લેખકની અન્ય કૃતિઓના પરિચય કરાવ્યો છે. એમણે નોંધ્યું છે કે, મેકકુલર્સની બીજી કૃતિઓનો પાત્રોની જેમ આ પાત્રોની લાક્ષણિકતા પણ વિકૃત મનોદશાવાળી છે. વિવેચકે તુલનાત્મક અભિગમે કૃતિના પાસાંને ઉઘાડી આપ્યાં છે. પાત્રોમાં જોવા મળતાં વિરોધાભાસ, પરસ્પરની વિકૃતિના આકર્ષણે નજીક આવતાં પાત્રો, પાત્રોમાં આવતું પરિવર્તન, ઘટનાનું ચક્રાકારરૂપે આલેખન, પ્રતીક જેવા ઘટકોનાં સંદર્ભમાં આ નવલકથાને મૂલવી છે. લિમોનના વ્યકિતત્ત્વને પ્રતીક રૂપે 'બાજ' પક્ષી વધુ મૂર્ત કરી આપે છે. **'વાર્તામાં આ પહેલાં નગરમાં ચકરાવા લેતા બાજનો ઉલ્લેખ આવે છે. તેને આ વર્ણનની સાથે સાંકળો એટલે શિકારની શોધમાં નીકળેલાં લિમોનનું ચિત્ર પૂરેપૂરું મૂર્ત થઈ ઊઠશે.'**[૧૫૮] વિવેચકે ઘટકતત્ત્વોના સંદર્ભે નવલકથાને તપાસી છે.

**'જહોન ફાઉલેસકૃત', 'ધ ફ્રેંચ લેફ્ટેનન્ટ્સ વુમન'** લેખમાં વિવેચકે નવલકથાની વસ્તુસંકલના, કથાત્મકતા, પાત્રનિરૂપણની ચર્ચા સાંસ્કૃતિક અભિગમના અનુસંધાનમાં કરી છે. વિવેચક પોતે કબૂલે છે કે, ફાઉલેસ વડે નવલકથા સ્વરૂપમાં પરિવર્તન આવ્યું. **' ધ ફ્રેંચ લેફ્ટેનન્ટ્સ વુમન' સાહસકથા, ભ્રમણકથા, ઈતિહાસ, દસ્તાવેજો, સત્યકથા વગેરેની રીતિઓનો ઉપયોગ કરીને લખાયેલી છે.'**[૧૫૯] વિવેચકની વિવેચનલક્ષી વિચારણામાં વળાંક ફાઉલેસની નવલકથાનાં લીધે જ આવે છે. વિવેચક જયેશ ભોગાયતાએ 'શિરીષ પંચાલની વિવેચના' લેખમાં આ વાતની નોંધ લીધી છે. વિવેચકે આ નવલકથાને તપાસતી

વખતે વિકટોરિયન યુગની પરંપરાને ધ્યાનમાં રાખી છે. પ્રકૃતિનાં ઉન્મત પરિબળો, વિકટોરિયન અને આધુનિક યુગ વચ્ચેનો સંઘર્ષ, પ્રતીકાત્મક ઘટના, પાત્રગત સ્વાભાવિક લાક્ષણિકતાઓની ચર્ચા સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને કરી છે. વિવેચકે સર્જકલક્ષી પાસાંની પણ નોંધ લીધી છે. વિવેચકને આ નવલકથા પસંદ પડી એ પાછળનું કારણ ફાઉલેસની વાસ્તવિકતાને ઉલ્લંઘવાની રીત, સાહિત્યને નિયત બદ્ધ રાખી ન શકાય એવી પ્રતીતિ કરાવતી શૈલી છે.

ભારતીય નવલકથા યુ.આર.અનન્ત મૂર્તિ કૃત 'સંસ્કાર' વિશેના લેખમાં વિવેચકે પૂર્વગ્રહો અને સંકુચિત માન્યતાઓથી પર જઈને આ નવલકથાને કૃતિકેન્દ્રી વિચારણા સંદર્ભે તપાસી છે. વિવેચકે નવલકથાના વિષયવસ્તુનો પરિચય કરાવ્યો છે. પ્રાણેશાચાર્ય જે બ્રાહમણ છે એના જીવનમાં નવલકથાના અંત તરફ જતાં જે પરિવર્તન આવે છે એ વસ્તુ પર આખી નવલકથા ઊભી છે. પ્રાણેશાચાર્ય પહેલાં જુદાં જગતમાં જીવતાં હતાં. એમને અસ્પૃશ્ય સ્ત્રીનાં સ્પર્શે બીજા જગતમાં મૂકી દીધાં. નારણપ્પાનું પાત્ર પ્રાણેશાચાર્યની વિરુદ્ધનું હતું. પરંતુ નવલકથાના અંતે એમ લાગે કે નારણપ્પાએ પ્રાણેશાચાર્યને જુદું જીવન બક્ષ્યું. વિવેચકે કૃતિલક્ષી અભિગમથી જ આ કૃતિને મૂલવી છે. વિવેચકે માનવીય સહજવૃતિને મહત્ત્વ તો આપ્યું જ સાથે આ નવલકથામાંથી નિષ્પન્ન થતાં કળાત્મક પાસાંને ઉઘાડી આપ્યાં છે.

'ધરતી ખોળે પાછો વળે : એક નોંધ' લેખમાં 'મરાલી મણિગ્ગૈ' નામે કન્નડમાં પ્રગટ થયેલી શિવરામકારન્થની આ નવલકથાનું વિવેચકે સમકાલીન સંદર્ભમાં પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. વિવેચકે પાત્રનિરૂપણશકિતનો પરિચય કરાવી આપ્યો છે. બે સ્ત્રીપાત્રો વચ્ચે જોવા મળતો સંપ, ગણતરીબાજ પુરુષપાત્ર રામ ઐતાળ, રામઐતાળનાં બીજા લગ્નથી થતો પુત્ર લચ્ચા અને લચ્ચાની પત્નીના સંદર્ભમાં નવલકથાનો આસ્વાદમૂલક પદ્ધતિએ પરિચય કરાવ્યો છે. રામઐતાળનું બીજું લગ્ન નવલકથાની ગતિને નવું પરિમાણ આપનારી પ્રથમ ઘટના બને છે. પાત્રો વચ્ચે જે ભિન્નતા છે એનાથી પાત્રોને સંતુલિત કર્યા છે. ઉપર મુજબની નોંધ લઈ વિવેચક કહે છે કે, આ નવલકથાનું જગત માનવીય ઉષ્માવાળું છે.

નવલકથાકારનો એક વિશેષ એ પણ બતાવી આપ્યો છે કે, કારન્થની કૃતિનાં પાત્રો માત્રને માત્ર માનવી જ બની રહે છે. ભલે જ્ઞાતિએ એઓ બ્રાહ્મણ હોય.

વિવેચકે કૃતિની તપાસ કૃતિલક્ષી અને માનવીય અભિગમનાં સંદર્ભમાં જ લીધી છે. બંને ભારતીય નવલકથાઓનાં પાત્રમાં જે સામ્યતા છે એની નોંધ પણ લઈ શકાય છે. જેમકે બંને નવલકથામાં પાત્રો બ્રાહ્મણ છે અને અસ્પૃશ્યનું પણ નિરૂપણ થયું છે છતાં આ બંને પ્રકારનાં પાત્રો વચ્ચેની સામ્યતા-વૈષ્મયનો પણ ખ્યાલ આ નવલકથા દ્વારા આવતો જાય છે. વિવેચકે આ નવલકથા દ્વારા માનવીય અભિગમનો જ પુરસ્કાર કર્યો છે.

ગુજરાતી નવલકથાઓમાં 'અનાગત', 'રાત્રિસંસાર : કથાસાહિત્યનું એક અસાધારણ દશ્ય', 'ફિનોમિનોલોજી અને સુરેશ જોષીકૃત-'મરણોત્તર', 'ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત સરસ્વતીચન્દ્ર અને સામાજિક અભિજ્ઞતા' વિશે વિવેચક કૃતિનિષ્ઠ, સાંસ્કૃતિક, ઐતિહાસિક ભૂમિકાએ પ્રત્યક્ષ વિવેચન કર્યું છે.

**'અનાગત'** નવલકથાના લેખક હરીન્દ્ર દવેની સર્જકલક્ષી મર્યાદાઓનો સાહિત્યિક સંદર્ભમાં પરિચય કરાવતી વખતે એમનો નિર્ભીક સૂર જોવા મળે છે. વિવેચકે ઘટકોના સંદર્ભમાં જે-જે મર્યાદાઓ છે એની સદષ્ટાંતમૂલક ચર્ચાઓ કરી છે.

**'રાત્રિસંસારઃ કથાસાહિત્યનું એક અસાધારણ દશ્ય'** લેખમાં વિવેચકે નવલકથામાં આવતા દશ્યના અનુસંધાને વર્ણનાત્મક પદ્ધતિએ રસસ્થાનોને દર્શાવી આપ્યાં છે. વિવેચક નવલકથાકારના ચિંતન, ભાષાકર્મ, દશ્યોને વર્ણવવાની શૈલી, પાત્રોના કર્મ વિશે આસ્વાદલક્ષી ભૂમિકાએ ચર્ચા કરે છે.

**'ફિનોમિનોલોજી અને સુરેશ જોષી કૃત -'મરણોત્તર'** લેખમાં 'ફિનોમિનોલોજી'ની સંજ્ઞા, એના સિદ્ધાંતના સંદર્ભે 'મરણોત્તર' નવલકથાની તુલનાભાવે તપાસ કરી છે. વિવેચકે ફિનોમિનોલોજીના અનુસંધાનમાં સુરેશ જોષી વિશે અને એમની લઘુનવલ 'મરણોત્તર' વિશે સર્જકલક્ષી અભિગમે ચર્ચાઓ કરી છે. વિષયવસ્તુ, પાત્રાલેખનના સંદર્ભમાં મરણોત્તર નવલકથાને મૂલવી છે. આ નવલકથામાં ભાષાનાં નવાં પરિમાણો પ્રગટે છે. વિવેચકે 'મરણોત્તર' લઘુનવલની

ચર્ચા 'જનાન્તિકે'ના નિબંધોનાં અનુસંધાને કરી છે. વિવેચકે આ લઘુનવલને કોઈ પણ પ્રકારે શ્રેષ્ઠ સાબિત કરવા માટે ઘણાં આધારો લઈને 'મરણોત્તર'ને આમ વાંચી શકાય, આ રીતે વાંચી શકાય એવી વિચારણા-વિભાવનાઓ સાથે પ્રતિપાદિત કરી આપવાનો પ્રયત્ન કર્યો છે. આ વિવેચન પ્રભાવવાદી બની રહે છે.

**'ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત સરસ્વતીચન્દ્ર અને સામાજિક અભિજ્ઞતા'** લેખમાં વિવેચકે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાનને સામાજિક-સાંસ્કૃતિક અભિગમને તપાસી છે. આ નવલકથાને માત્ર કૃતિની દષ્ટિએ જો વાંચવાં જઈએ તો એકાન્તિક વાચન બની રહે. આ લેખમાં વિવેચકનો 'સરસ્વતીચન્દ્ર' નવલકથા સંદર્ભે ઉદારવાદી મતનો પરિચય થાય છે. વિવેચકે પ્રસ્તુત લેખમાં એવાં ઘણાં આત્મલક્ષી વિધાનો કર્યા છે જે ઘણી લાંબી ચર્ચા માંગી લે છે.જેમકે **'સરસ્વતીચન્દ્ર અને કુમુદનું જો લગ્ન થાત તો પણ એ તાલમેલિયું, અસ્વાભાવિક જ બની રહેત.'**[૧૬૦] પાત્રો, ભાષા, પરંપરા, સામાજિક, સાંસ્કૃતિક સંઘર્ષોના સંદર્ભમાં નવલકથાને એના સમયમાં તપાસવી એ મુદ્દા પર ભાર મૂકયો છે.

વિવેચકે પ્રત્યક્ષ વિવેચન કરવા માટે પસંદ કરેલી કૃતિઓ જીવન અને માનવતાને પુરસ્કારે છે. વિવેચકે મોટાભાગે કૃતિનિષ્ઠની સાથે માનવતાવાદી અભિગમને આધારે કૃતિઓને મૂલવી છે. એમનો તુલનાત્મકવાદી અભિગમ દરેક કૃતિઓના વિવેચનમાં જોવા મળે જ છે. એમણે જે રીતે કૃતિઓના રસસ્થાનોનો પરિચય કરાવ્યો છે એનાથી કૃતિનો આસ્વાદ કરવામાં ભાવકને સરળતા રહે છે. એમના નવલકથાલક્ષી પ્રત્યક્ષ વિવેચનના લેખો એતદ્, ફાર્બસ, અને અન્ય પુસ્તકોમાં પ્રકાશિત થયાં છે. વિવેચકે વિશ્લેષણાત્મક ભાષામાં ચર્ચાઓ કરી છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ છે. એમના લેખમાં લંબાણ વધુ હોય છે જે અમુકવાર મર્યાદારૂપ બની રહે છે. પરંતુ વિવેચકે કરેલું કૃતિઓનું પ્રત્યક્ષ વિવેચન નવો દષ્ટિકોણ આપનારું બની રહે છે.

નિબંધ (ગુજરાતી)

વિવેચકનો નિબંધ વિશેનો એક માત્ર લેખ **'લલિત નિબંધ કયાં માર્ગે?'** પ્રાપ્ત થાય છે. અનિલ જોશીના 'સ્ટેચ્યું' નિબંધ વિશે વિવેચકે કડક આલોચના કરી છે નિબંધનું સ્વરૂપ વણસી રહ્યું છે એમાંથી કવિ જ એને ઉગારી શકે પરંતુ અનિલ જોશીના આ નિબંધ સંગ્રહથી હતાશા જ પ્રાપ્ત થઈ છે. આ નિબંધ સંગ્રહમાં સમાવિષ્ટ થયેલાં નિબંધોમાં જોવા મળતી મોટાભાગની મર્યાદાઓ અને અમુક અંશે જોવા મળતી વિશેષતાઓની સદષ્ટાંતમૂલક ચર્ચાને રજૂ કરી છે. સ્વાભાવિકતાથી ભરપૂર ક્રિયાઓ, સાદી ભાષા, શૈશવના નિબંધોમાં જોવા મળતી સહજતા જેવી સર્જકલક્ષી વિશેષતા આ નિબંધમાં દર્શાવી છે. અનિલ જોશી પર ગુણવંત શાહ અને સુરેશ દલાલનો પ્રભાવ છે એની નોંધ લીધી છે.

અનિલ જોશીના નિબંધોમાં જોવાં મળતી મર્યાદાઓ જેવી કે શબ્દો વડે વાચકોને છેતરવાની યુક્તિ, ચબરાકિયા અને ટાપટીપિયા શૈલી, સામાન્ય રુચિને ધ્યાનમાં રાખીને કરવામાં આવતાં પ્રયોગોની નોંધ લઇ વિવેચકે બનાવટી નિબંધ જગત તરફ નિર્દેશ કરી આપ્યો છે. વિવેચકે કડક આલોચના કરી છે. વિવેચકની એક ખાસિયત છે કે એઓ કોઈપણ સર્જકની તુલના સુરેશ જોષી સાથે કરી, સુરેશ જોષી કેવી રીતે ઉત્તમ ને શ્રેષ્ઠ સાબિત થાય એ જ રહે છે. આવું જ આ નિબંધકાર સાથે થયું છે. જેમકે અનિલ જોશી કરતાં સુરેશ જોષી કટાક્ષ સારી રીતે કરી શકે છે. દરેક વખતે માત્રને માત્ર સુરેશ જોષી સાથે જ તુલના કરવી શું અતિશયોકિત નથી લાગતી ?

વિવેચકે સર્જકલક્ષી અભિગમ અને કૃતિનિષ્ઠ અભિગમે કડક આલોચના કરી છે. અનિલ જોશીના નિબંધને તપાસતી વખતે વિવેચકે પોતાના માપદંડને અનુસરીને કરેલી તપાસ વધુ યોગ્ય ન ગણાય ?

**નાટક**

વિવેચકે માત્ર પાશ્ચાત્ય નાટયકૃતિ વિશે પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. લુઈજિ પિરાન્દેલો કૃત 'ઈચ ઈન હીઝ ઓન વે' નાટકની વિશેષતા વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં દર્શાવી આપી છે. આ નાટકને પ્રત્યક્ષ વિવેચન અનુષંગે પસંદ કરવા પાછળનું કારણ પરંપરાને સમજીને પરંપરાથી જુદું પડવું, એનો વિદ્રોહ કરવો અને એમાં સફળતા મેળવવી જેવી મહત્ત્વની બાબતોને પ્રકાશમાં આણવાનું રહ્યું છે.

પિરાન્દેલોની કૃતિમાં પ્રયોગો, વાસ્તવિકતા પર પ્રયોગની અસર, પરંપરાગત વિભાવનાઓ પર આઘાત, વાસ્તવિકતા વિશેનો પોતાનો ખ્યાલ, સર્જકની વાસ્તવિકતા સર્જવાની શૈલી, પ્રેક્ષકો અને રંગભૂમિ વચ્ચેનું અંતર ભૂંસવાનો પ્રયત્ન, નાટયનાં વિષયવસ્તુ અને એકશન સાથે ચિંતનને સાંકળવાની કળા, પાત્રોની વિવિધતા, પાત્રોની ભીતરતાનો પરિચય, પહેલાં અંક અને બીજા અંકમાં જોવા મળતો તફાવત, પાત્રોનો અને એના કાર્યોનો ઉલ્લેખ, પાત્રોની સતત બદલાતી ભૂમિકા, પરંપરાગત માળખા પર પ્રભુત્વ, ભાવકને નાટક સાથે જોડતી કડીઓ, વિષયવસ્તુની સાથે ટેકનિકને રજૂ કરવામાં પણ વિદ્રોહ છે જેવી વિગતોની મૂલ્યાંકનલક્ષી ચર્ચાને રજૂ કરી છે. વિવેચકે કૃતિનિષ્ઠ અભિગમે સાહિત્યિક સંદર્ભમાં આ કૃતિને મૂલવી છે. આ નાટયકારની દરેક વિશેષતાઓને સદષ્ટાંત નોંધી છે.

વિવેચકના મતે વિદ્રોહ થઈ શકે એનો ઉત્તમ નમૂનો પૂરું પાડનાર આ નાટક છે. પાત્રલેખનમાં જોવા મળતી વિશેષતાઓને દર્શાવવામાં વિવેચકનો વસ્તુલક્ષી અભિગમ આંખે ઊડીને વળગે છે. વિવેચકે નાટકને જોવા માટેનો દષ્ટિકોણ પૂરો પાડયો છે.

**વિવેચન ગ્રંથો અને વિવેચન લેખોનું વિવેચન**

વિવેચકે કુલ (૧૫) લેખો પ્રત્યક્ષ વિવેચનનાં આપ્યાં છે. એમનું પ્રત્યક્ષ વિવેચન એમના વિવેચનનો દષ્ટિકોણ, અભિગમને દર્શાવી આપે છે.

'ગતાનુગતિકતાનું એક નવું પ્રકરણ' લેખમાં 'અન્વીક્ષા'ની તુલના સુરેશ જોષીના 'કિંચિત' વિવેચન ગ્રંથ સાથે કરી છે. **'૧૯૬૦ માં પ્રકટ થયેલા 'કિંચિતે' ગુજરાતી વિવેચન અને સર્જનક્ષેત્રે આમૂલ પરિવર્તન આણી દીધું એને લીધે અત્યાર સુધીમાં ગુજરાતી વિવેચનની દરિદ્રતા ઉઘાડી પડી ગઈ. નર્મદથી માંડીને તે ઠેઠ અત્યાર સુધી ગુજરાતી સાહિત્યમાં જે જાળાં બાઝી ગયાં હતાં તે ખંખેરાઈ ગયાં'**[૬૧] વિવેચકના આજ અવતરણની સામે એમના 'વાત આપણા વિવેચનની' પુસ્તકને મૂકીએ તો વિવેચકનું ગુજરાતી સાહિત્યમાં જાળાં બાઝી ગયાં છે એ વિધાન તદ્દન ખોટું પડે. કારણ કે 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં આપણાં વિવેચનની પરંપરાને વિવેચકે હકારાત્મક દષ્ટિકોણે પુરસ્કારી છે. જયારે પ્રસ્તુત લેખમાં વિવેચકે ગુજરાતી વિવેચન પરંપરાને દરિદ્ર પણ કહી નાંખી છે. સમયના પ્રવાહમાં એમની વિવેચન વિચારણામાં સ્થિત્યંત્તર જોઈ શકાય છે.

વિવેચકનું માનવું છે કે 'કિંચિત'ની રચના પાછળ સમગ્ર વૈશ્વિક સાહિત્યના સંદર્ભે ભાગ ભજવ્યો. આ કારણોસર પાશ્ચાત્ય અને સંસ્કૃતમીમાંસાને સમકાલીન સંદર્ભમાં પ્રયોજવી, સમકાલીન વિવેચને 'કિંચિત'ની આબોહવામાં ટકી રહેવા માટે કરવા પડતા પ્રયત્નો, આ પુસ્તકથી 'સાહિત્ય' પ્રત્યેનો દષ્ટિકોણ બદલાતો જેવી બાબતો વડે 'કિંચિત'ગ્રંથની ભૂમિકા દર્શાવીને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'અન્વીક્ષા' ગ્રંથની તુલનાત્મક અભિગમે કડક આલોચના કરી છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, સુરેશ જોષીનાં વિવેચનને પગલે ચાલે છે પરંતુ એમાં એ સફળ થતાં નથી એ જ વાતને વિવેચકે તર્કબદ્ધભાષામાં સદષ્ટાંતમૂલક અવતરણ ટાંકીને ચર્ચી છે.

'અન્વીક્ષા'ગ્રંથમાં સમાવિષ્ટ લેખોનાં પ્રકાર, સૈદ્ધાન્તિક ભૂમિકાનો અભાવ, સર્જકના અનુભવ, અભિવ્યકિત, આત્માભિવ્યકિતમાં જોવા મળતો વિરોધાભાસ, રા.વિ.પાઠકની ટીકા કરી એના અનુષંગે જોવા મળતો વિરોધાભાસ, એમનો ઐતિહાસિક દષ્ટિકોણ, એમનામાં જોવા મળતો વિવેચનાત્મક દષ્ટિકોણનો અભાવ, એમના કથળી ગયેલાં નિબંધોનું કારણ વિગતોથી ભરપૂર નિબંધો, બીજા વિચારકોની વિચારણાની નોંધ માત્ર લે છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ગ્રંથ વિશે વિવેચક

નોંધે છે કે, માહિતીલક્ષી અભિગમને અપનાવ્યો, પ્લેટો-એરિસ્ટોટલની સાહિત્યિક વિચારણાની અવ્યવસ્થિત ચર્ચા, પુરોગામી વિવેચનાનાં સ્વરૂપને હાંસિયામાં મૂકવું, કૃતિની સામગ્રીને વધુ મહત્ત્વ અને એઓ વાર્તા વિશે સારું વિવેચન કરી જાણે છે. પરંતુ 'છિન્નપત્ર' નવલકથા સંદર્ભે મુશ્કેલી ઊભી થાય છે, સપાટી પરના લેખોની પ્રાપ્તિ જેવા મુદ્દાઓની ચર્ચા વિવેચકે કૃતિનિષ્ઠ અભિગમ અને તુલનાત્મક અભિગમને કેન્દ્રમાં રાખીને કરી છે. જેમાં એમનો નિર્ભીક સૂર સંભળાય છે. વિવેચકે તર્કબદ્ધ ભાષામાં ચર્ચા કરી છે. પરંતુ પ્રસ્તુત લેખમાં પણ એક પ્રશ્ન તો થાય જ છે કે કોઈપણ વિવેચન ગ્રંથને કે કોઈ સૈદ્ધાન્તિક વિચારને સુરેશ જોષીની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિચારણાનાં માપદંડથી તોલવું યોગ્ય છે ખરું ?

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની વિચારણાને ઉમાશંકર જોષીની વિવેચનલક્ષી વિચારણાની નજીકની કહી છે. શિરીષ પંચાલ એમના વિવેચનકાર્યમાં પ્રારંભિક તબકકામાં સુરેશ જોષી અને ઉમાશંકર જોશીની તુલના કોઈપણ રીતે કરવા ઉત્સુક હોય એમ નથી લાગતું ? અનિરુદ્ધ બ્રહમભટ્ટે આ વિવેચન સંગ્રહને પ્રગટ કરવામાં ઉતાવળ કરી છે એની નોંધ લીધી છે. વિવેચકે પોતાની વિવેચક તરીકેની પ્રતિબદ્ધતાને દર્શાવી આપી છે.

**'વિવેચનની સાચી દિશામાં એક નવું સોપાન'** લેખમાં પણ વિવેચકે 'અન્વીક્ષા' વિવેચન ગ્રંથના પ્રત્યક્ષ વિવેચન લેખના આરંભમાં ગુજરાતી વિવેચનને શરૂઆતથી તે ઈ.સ.૧૯૫૦-૬૦ સુધી દરિદ્ર કહ્યું છે એ જ વિચારનું પરિવર્તન અહીં શબ્દફેર કરીને કર્યું છે.

આ લેખમાં હરિવલ્લભ ભાયાણી રચિત 'કાવ્યનું સંવેદન' ગ્રંથની સમીક્ષા કરી છે. આ વિવેચન ગ્રંથની સમીક્ષા કરતાં પહેલાં સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણીનું પ્રદાન એમનાં પુરોગામી વિવેચકો કરતાં વધારે છે એવું તર્કબદ્ધ ભાષામાં વિવેચકે પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કર્યો છે. હરિવલ્લભ ભાયાણી કે સુરેશ જોષી વિશેનાં લેખમાં એમની કૃતિલક્ષી કે સૈદ્ધાંતિક વિચારણાની ચર્ચા કરતાં પહેલાં વિવેચકની ભૂમિકા બાંધવાની શૈલી મહ્દઅંશે પુનરાવર્તિત છે, એમ ચોકકસપણે કહી શકાય.

હરિવલ્લભ ભાયાણીનું આધુનિક વિવેચના ક્ષેત્રે મહત્ત્વ, નરસિંહરાવ દીવેટિયાથી જુદી પડતી ભાયાણી સાહેબની પ્રતિભા, ગુજરાતી વિવેચનક્ષેત્રે ભાષાવિજ્ઞાન પ્રત્યે સભાનતા લાવનાર, વિવેચક હરિવલ્લભ ભાયાણીની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણાને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં મૂલવી છે.

વિવેચક ભલે એમ કહેતા હોય કે 'કાવ્યનું સંવેદન' પુસ્તક જ આ લેખમાં તપાસનો વિષય છે. પરંતુ 'કાવ્યમાં શબ્દ' ગ્રંથને પણ વિવેચક સાથે લઈને જ ચર્ચા કરતાં આગળ વધે છે. આથી 'કાવ્યનું સંવેદન' પુસ્તક વિશે વિસ્તારપૂર્વકની વિવચેકની મૂલ્યાંકનલક્ષી ચર્ચા પ્રાપ્ત થતી નથી. એમની તુલનાત્મક વિચારણાના લીધે મુખ્ય વિષયથી એઓ બીજા મુદ્દાઓ પર જતા રહે છે. **'કાવ્યમાં શબ્દ'** વિવેચન સંગ્રહમાં સમાવિષ્ટ પામેલાં મુદ્દાઓની ટૂંકમાં નોંધ લઈ હરિવલ્લભ ભાયાણીનાં વિવેચનક્ષેત્રનાં પ્રદાનને મૂલવે છે. **''કાવ્યમાં શબ્દ' વિવેચન સંગ્રહે સાહિત્ય વિવેચનનું વ્યાકરણ રચવાની દિશામાં પહેલ કરી હતી. એ અનુસાર અહીં શબ્દ છાંદસ-અછાંદસ, લય, પરંપરિત, કાવ્યાર્થ, આકૃતિ-રૂપ ઈમેયજ, ઔચિત્ય, સુંદરતા વિશેની ચર્ચા કરવામાં આવી હતી.'**[૧૬૨]

Oraganic whole, oraganistic approach ને હરિવલ્લભ ભાયાણી મહત્ત્વ આપે છે. સાહિત્ય અને વાસ્તવ, કાવ્યનો અનુભવ અને વ્યવહારનો અનુભવ, છન્દોરચના, ભાષાના પ્રશ્નને શૈલીની સાથે સાંકળવો જેવા પ્રશ્નોને હરિવલ્લભ ભાયાણી જે દલીલો, સૂચનો, પ્રતિપાદનો, ગૃહીતોને પાશ્ચાત્ય અને સંસ્કૃતમીમાંસા તથા ગુજરાતી વિવેચનના અનુસંધાનમાં ચર્ચે છે એની રજૂઆત વિશ્લેષણાત્મકપરક ભાષામાં વિવેચકે કરી છે. વિવેચકે ઉચિત પેરિપ્રેક્ષ્યમાં એની નોંધ લીધી છે.

વિવેચકનો પોતાનો અભિગમ રૂપરચનાવાદી છે. વિવેચકે હરિવલ્લભ ભાયાણી સામે પોતાના દષ્ટિબિંદુંઓ પણ મૂકી આપ્યાં છે, અને હરિવલ્લભ ભાયાણીની વિવેચનલક્ષી વિચારણાને ગુજરાતી વિવેચન વિચારણામાં નોંધપાત્ર ગણાવી છે. હરિવલ્લભ ભાયાણી છંદના બંધારણ અનુષંગે રા.વિ.પાઠક સામે પણ ફરિયાદ કરે છે એની વિવેચકે સદષ્ટાંતમૂલક ચર્ચાને તુલનાત્મક અભિગમે રજૂ કરી

છે. 'કાવ્યમાં શબ્દ' ગ્રંથમાં સમાવિષ્ટ વિગતો, સામગ્રીને તથા હરિવલ્લભ ભાયાણીની પ્રત્યક્ષ વિવેચન વિશેની વિચારણાને વિવેચકે પરિચયાત્મક ભાષામાં લેખના અંતે રજૂ કર્યા છે. હરિવલ્લભ ભાયાણીની વિવેચન સંગ્રહ અને લેખને લગતી ખાસિયતોનો નિર્દેશ કરી આપ્યો છે. **'તેઓ પોતાના લેખના આધારે ગ્રંથોની સ્પષ્ટ જાણ કરવાનો આગ્રહ રાખે છે એટલું જ નહી પણ જે તે વિભાવ વિશેના જુદાં જુદાં દષ્ટિબિંદુઓ આપણી સમક્ષ રજૂ કરી આપે છે.'**[૧૬૩]

વિવેચકે હરિવલ્લભ ભાયાણીની સાહિત્ય અને વિવેચન અનુષંગેની સભાનતા વિશે પણ નોંધ લીધી છે. **'આ રીતે વિવેચન, કલામીમાંસા અને શૈલીવિજ્ઞાનના ક્ષેત્રે જે જે નવાં વિચારવલણો પ્રગટયાં તેનાથી આપણને અભિજ્ઞ રાખવાની કામગીરી સુરેશ જોષીની જેમ તેમણે પણ ઉપાડી લીધી છે.'**[૧૬૪] હરિવલ્લભ ભાયાણી જેવું વિવેચન કાર્ય કરે છે એવા કાર્યથી ગુજરાતી સાહિત્ય વિવેચનની સ્થગિતતામાં પરિવર્તન આવશે. અને વિવેચનની આબોહવામાં મન્દપ્રાણતાનો અનુભવ નહિ થાય એવી નોંધ વિવેચકે લીધી છે.

**'સાહિત્યના તુલનાત્મક અધ્યયનની દિશામાં'** લેખમાં ભોળાભાઈ પટેલ રચિત 'પૂર્વાપર' વિવેચન સંગ્રહને કેન્દ્રમાં રાખીને પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. 'પૂર્વાપર' વિવેચનસંગ્રહ અને એમનો 'અધુના' વિવેચનસંગ્રહની તુલના કરીને બંનેમાં 'અધુના' વિવેચનસંગ્રહ વધુ ચડિયાતો છે. વિવેચકે એ વાતની પૂર્તિ આરંભમાં જ ઉમાશંકર જોશીના 'બે પૂઠાં વચ્ચે હૃદય પ્રવેશ્યું છે ?' લેખના અનુસંધાનમાં નમ્રતાપૂર્વક કરી આપી છે.

'અધુના' અને 'પૂર્વાપર' સંગ્રહ વચ્ચે માત્ર ત્રણ-ચાર વર્ષનો જ ગાળો છે. 'અધુના' સંગ્રહ ઉમાશંકર જોષીની ચેતવણીને ધ્યાનમાં રાખીને કર્યો છે તથા 'પૂર્વાપર' સંગ્રહમાં એ ચેતવણી પ્રત્યે ઓછું ધ્યાન ગયું છે. આમ વિવેચકે ભોળાભાઈ પટેલના વિવેચન સંગ્રહ દ્વારા જ એમની વિવેચનકાર્યની વિશેષતા અને મર્યાદા બંનેનો નિર્દેશ તર્કબદ્ધભાષામાં રજૂ કર્યો છે.

'પૂર્વાપર' વિવેચન સંગ્રહમાં તુલનાત્મક અભિગમ કેન્દ્રસ્થ છે. વિવેચકે આ કારણોસર ભોળાભાઈ પટેલના કાર્યને બિરદાવ્યું છે. તુલનાત્મક અભ્યાસની

સભાનતા ગુજરાતી સાહિત્ય વિવેચનમાં બહુ મોડી આવી. એમાં પણ બ.ક.ઠાકોરે અને હરિશ્ચંદ્ર ભટ્ટે આ પ્રકારના અભ્યાસનું સૂચન કર્યું છે એની નોંધ વિવેચકે લીધી છે. ભોળાભાઈ પટેલનો 'પૂર્વાપર' સંગ્રહ કઈ રીતે વિશેષ બને છે એનો પણ ઉલ્લેખ કર્યો છે. **'શરૂઆતમાં તો એવો ભય પણ સેવવામાં આવતો હતો કે તુલનાત્મક અધ્યયનની સાથે પશ્ચિમનું અનુકરણ પણ વધતું જશે પણ સદ્ભાગ્યે હવે એવો ભય અકારણ છે એની પ્રતીતિ 'પૂર્વાપર' જેવા વિવેચન સંગ્રહમાં આવા અભ્યાસ પરત્વેની નિષ્ઠા જોતાં થશે.'**[૧૬૫]

પાશ્ચાત્ય સાહિત્ય અને ભારતીય સાહિત્યના તુલનાત્મક અભ્યાસને લગતાં લેખોમાં સમતુલા ભોળાભાઈ પટેલે જાળવી છે. વિવેચકે એની નોંધ લઈ ભોળાભાઈ પટેલે પસંદ કરેલી કૃતિઓ પાછળ એમની રુચિને મહત્ત્વનું પરિબળ ગણ્યું છે. સૈદ્ધાન્તિક ચર્ચાને બહુ સ્થાન આપવામાં આવ્યુ નથી.

રિલ્કે વિષે લખાયેલા લેખો 'જનાન્તિકે' માં છે એના કરતા ભોળાભાઈ પટેલ 'સોનેટ્સ ટુ ઓર્ફિયસ' પરના લેખમાં એક ડગલું આગળ વધે છે એની તુલનાત્મક નોંધ વિવેચકે લીધી છે. વિવેચકના મતે ભોળાભાઈ પટેલ જર્મન ભાષા શીખી લે છે એથી આ લેખ વિશિષ્ટ બન્યો છે તે જોઈ શકાય છે.

કથાસાહિત્યની વિવેચનામાં ભોળાભાઈ પટેલ રૂપરચનાની વિભાવનાનો અને કૃતિનિષ્ઠ વિવેચનાનો વિનિયોગ કૃતિની તપાસના અનુસંધાનમાં કરે છે. પરંતુ વિવેચકને ફરિયાદ છે કે, **'જે તે નવલકથામાં રૂપની શોધ ચલાવવામાં આવી નથી.'**[૧૬૬] ભોળાભાઈ પટેલ માનવીય સંદર્ભને વધુ મહત્ત્વ આપે છે એની નોંધ વિવેચકે લીધી છે એની ચર્ચા 'શાંતિ દોન' કૃતિના અનુસંધાને કરી છે.

ઈ.એમ.ફોર્સ્ટરની નવલકથાકાર તરીકે વધુ આલોચનાત્મક ચર્ચા વિવેચક ભોળાભાઈ પટેલે કરી છે અને જે જે પ્રશ્નો ભોળાભાઈ પટેલે ઉઠાવ્યાં છે એની પણ વિવેચક નોંધ લેતાં જાય છે તથા નવલકથાના માધ્યમ અનુષંગે ચર્ચાઓ કરીને વિવેચકે સૂચનો રજૂ કર્યાં છે. ઈ.એમ.ફોસ્ટર્રની નવલકથાકાર તરીકે બીજી રીતે પણ ચર્ચા થઈ શકે એની પણ શકયતાઓ વિવેચકે દર્શાવી છે. ભોળાભાઈ પટેલે આસ્વાદમૂલક અભિગમે કૃતિઓની તપાસ કરી છે. આ લેખોમાં ઊંડાણ નથી એ

બાબતે વિવેચકને ફરિયાદ છે. આ વિવેચન સંગ્રહનો છેલ્લો વિભાગ પણ વિવેચકને અસંતોષે છે. 'પુરાણકલ્પનનો સાહિત્યમાં વિનિયોગ' લેખ યાદીરૂપ જ બની રહે છે. વિવેચકને ભોળાભાઈ પટેલ પાસે જે અપેક્ષા છે એની વિસ્તારપૂર્વકની ચર્ચા વિવેચકે કરી નથી.

'ગીત એ અસ્તિત્ત્વ' અને વાની મારી કોયલ' લેખ વિશિષ્ટ બની રહે છે. ભોળાભાઈ પટેલે આ લેખને જે રીતે તુલનાત્મક અભિગમે બીજી ભાષાની કૃતિના અનુસંધાનમાં રજૂ કર્યો છે એની સદષ્ટાંતમૂલક ચર્ચા વિવેચકે રજૂ કરી છે. વિવેચકે ભોળાભાઈ પટેલને સૂચન કર્યું છે કે **'સાહિત્ય સાથે સંકળાયેલી વિદ્યાશાખાઓમાં અધિકારી બનીને તેઓ બીજો સંગ્રહ આપે.'**[૧૬૭] ભોળાભાઈ પટેલના 'પૂર્વાપર' વિવેચન સંગ્રહના સારાં–નરસાં પાસાંની નોંધ વિવેચકે રૂપરચનાપરક અભિગમના અનુસંધાનમાં લીધી છે. વિવેચકે ઘટકતત્ત્વોના સંદર્ભે ભોળાભાઈ પટેલની વિવેચનલક્ષી વિચારણાને મૂલવી છે.

**'એક સંક્ષિપ્ત અવલોકન'** લેખમાં દીપક મહેતા કૃત 'કથાવલોકન' વિવેચન ગ્રંથમાં સમાષ્ટિ નવલકથાઓનાં અવલોકનનાં અનુસંધાનમાં વિવેચકે અવલોકનને ગ્રંથસ્થ કરતી વખતે રાખવી પડતી સભાનતા અને વિવેકની તાર્કિક ભાષામાં ચર્ચા કરી છે. વિવેચકના મતે સામયિક અને ગ્રંથસ્થ લેખોમાં જોવા મળતો તફાવત જેમકે, **'સામયિક સ્થળસંકોચને કારણે કેટલાંક મહત્ત્વના પ્રશ્નો ચર્ચી ન શકાય એ સ્વાભાવિક છે, પણ ગ્રંથસ્થ કરતી વખતે મહત્ત્વના અવલોકનને વિસ્તારીને લેખની કક્ષાએ લઈ જવાનો પ્રયત્ન કરવો પડે.'**[૧૬૮] વિવેચકે દીપક મહેતા પાસે અપેક્ષા રાખી છે કે નવલકથાના અવલોકનો વિસ્તારથી અને ઊંડાણપૂર્વક થવા જોઈએ.

દીપક મહેતાએ પસંદ કરેલી કૃતિઓ સામાજિક વાસ્તવ સાથે સંબધ ધરાવે છે પરંતુ દીપક મહેતા કૃતિના કર્તા પાસે કયા પ્રકારની અપેક્ષા રાખવામાં આવતી હોય છે એની ચર્ચા કરતાં નથી એવી વિવેચકે ફરિયાદ કરી છે. નવલકથાની પસંદગી અનુષંગે પ્રયોગાત્મક નવલકથાઓ ઓછી પસંદ કરી છે પરંતુ જે પ્રયોગાત્મક નવલકથાઓની ચર્ચા જેટલાં પૃષ્ઠ રોકે છે, એટલાં જ પૃષ્ઠ એમની

કસોટીમાંથી પાર નથી ઊતરી એવી નવલકથાઓની ચર્ચા પણ રોકે છે. મને એ પ્રશ્ન થાય છે કે, પૃષ્ઠના આધારે ઉત્તમતાના ધોરણોને માપી શકાતાં નથી એ વાતને કેમ ભૂલી શકાય ? પરંતુ ટેકનિક અને વાસ્તવના નિમિત્તે દીપક મહેતાએ પ્રશ્નો કર્યા નથી, ચર્ચા કરી નથી એની પણ વિવેચકે નોંધ લીધી છે. દીપક મહેતાની વિવેચનામાં જોવા મળતી મર્યાદાઓ જેવી કે પત્રકારત્વનો ભોગ બનેલી એમની વિવેચના, અદ્ધર વિધાનો, ચલણી શબ્દ પ્રયોગો, બનાવટી વરખવાળી શૈલીઓ છે.

'વાંસનો અંકુર' નવલકથાની તપાસ દીપક મહેતા જે રીતે કરી છે એની નોંધ વિવેચકે વિશ્લેષણાત્મક પદ્ધતિએ લીધી છે. વિવેચકનો આ લેખ લખવા પાછળનો આશય એટલો છે કે દીપક મહેતાએ નવલકથાઓનું અવલોકન વિગતે કરવાનું હતું. વિવેચકે અહી બીજી કોઈ વિવેચનલક્ષી પાસાંઓની તપાસ કરી નથી એની નોંધ લેવી ખપે.

**'સાહિત્યની પક્ષિલ સાધના' લેખમાં** વિષ્ણુપ્રસાદ રચિત 'સાહિત્યસંસ્પર્શ' ગ્રંથની અને એના અનુસંધાનમાં વિવેચકે વિવેચકનાં વ્યકિતત્વ વિશેની નોંધ લીધીં છે. વિષ્ણુપ્રસાદના વિવેચન અને સાહિત્યને લઈને જે-જે ગૃહીતો, વિચારો, દષ્ટિકોણ અને એમાં જોવા મળતાં અભાવોની સદષ્ટાંતમૂલક ચર્ચા વિવેચકે રજૂ કરી છે. કેવી કૃતિઓ અવલોકન, સમીક્ષા માટે પસંદ કરવી જોઈએ એનો પણ નિર્દેશ કર્યો છે.

'સાહિત્યસંસ્પર્શ' વિવેચન ગ્રંથના તત્ત્વચર્ચાના લેખોમાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો જીવનનિષ્ઠ અને નીતિવાદી અભિગમ જોવા મળે છે. વિવેચક આ પ્રકારના અભિગમનો છેદ ઊડાવી દેવાનું નથી કહેતાં. પરંતુ આવા અભિગમોમાં ઊંડાણની અપેક્ષા તથા નવા દષ્ટિબિંદુઓ, અલગ અભિગમોને લઈને કેવી આલોચના કરે છે એ મહત્ત્વની બાબત હોય છે. આમ વિવેચક અભિગમની સામે જઈને શકયતાઓને તાગવાની વાત કરે છે અને જે યોગ્ય છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પોતે માને છે કે સાહિત્યમાં આવતાં પરિવર્તનો વિવેચનમાં પરિવર્તન આણે છે પરંતુ

વિવેચકે એમની વિવેચન પદ્ધતિ વિશે નોંધ લીધી છે કે, એમની વિવેચન પદ્ધતિમાં કોઈ પરિવર્તન આવતું નથી.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પર કૌંચેની વિચારણાનો પ્રભાવ પડયો છે માટે એઓ 'કવિ'ને, પ્રતિભાને મહત્ત્વ આપે છે. પરંતુ 'કવિકર્મ' ને મહત્ત્વ આપતાં નથી માટે વિવેચકે પોતાની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણાને મૂકી આપી છે. વિવેચક શિરીષ પંચાલે ભાષાની તપાસને મહત્ત્વની માની છે. ઉમાશંકર જોશીના મંતવ્યને પણ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અસ્વીકારે છે એની પણ વિવેચકે સદષ્ટાંત નોંધ લીધી છે. **'કવિમાં જ તેઓ કવિકર્મ જોતા હોઈ કવિચિત્તમાં પ્રગટેલા મૂળ ભાવને તેઓ વફાદાર રહેવા માગે છે એટલા જ માટે કવિચિત્તમાંનો મૂળ ભાવ કૃતિમાં રૂપાંતરિત થઈ જાય છે એવો ઉમાશંકર જોષીનો મત તેઓ સ્વીકારી શકતાં નથી.'**[૧૬૯]

વિવેચકે ફરિયાદ કરી છે કે રૂપરચનાવાદી વિચારણાને, એના પુરસ્કર્તાને આપણે સમગ્રતાથી સમજી શકયાં નથી. એવી ફરિયાદ આ લેખમાં તો કરી જ છે, પરંતુ બીજા લેખોમાં પણ આ ફરિયાદ એઓ કરે જ છે. એમની વિચારણાનું ઘણા લેખોમાં પુનરાવર્તન થતું જોવા મળે છે. ચૈતન્યલક્ષી વિવેચકોની વિચારણાઓ એમના ગૃહીતો, એમની દલીલોને પાશ્ચાત્ય અને ગુજરાતી વિવેચકોનાં અનુસંધાનમાં ચર્ચે છે. વિવેચકે ઉમાશંકર જોશીને ચૈતન્યવાદી વિવેચકોની નજીકનાં કહ્યાં છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પણ કવિને જ મહત્ત્વ આપે છે પરંતુ બંનેની વિચારણામાં જોવા મળતો ભેદ 'ભાષા'અનુષંગે છે. ઉમાશંકર જોશી 'ભાષા'ને મહત્ત્વની માને છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી રહસ્યમયતાનો પુરસ્કાર કરે છે અને પ્રતિભા, પ્રેરણાને મહત્ત્વનું ગણે છે. જયારે કસબ અને રચનાને મહત્ત્વ આપતાં નથી. આમ ઉમાશંકર જોશી અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની વિચારણામાં જોવા મળતો સૂક્ષ્મ ભેદ પણ વિવેચક દર્શાવી આપે છે. એમની વિચારણામાં સંસ્કૃતમીમાંસા, પાશ્ચાત્ય સર્જકો અને મીમાંસકોની વિચારણા અનુષંગે જે રોષ જોવા મળે છે, વિવેચકે એની ચર્ચા સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. વિવેચકે વિષ્ણુપ્રસાદની રુચિને અનુદાર કહી છે અને એઓ ટેકનિક, સંવિધાનને કૌંચેના પગલે મહત્ત્વ આપતાં નથી અને એને વધારાનાં ઉપકરણો માને છે. રૂપરચનાને લગતી ચર્ચાઓ

વિવેચકે પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાનમાં ચર્ચી છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની અનુભૂતિ, અભિવ્યકિત, રૂપાંતર વિશેની વિચારણામાં જોવા મળતાં વિરોધાભાસનો નિર્દેશ કરી આપ્યો છે. ઉમાશંકર જોશીનાં મત મુજબ ચૈતન્યલક્ષી વિવેચન અને રૂપરચનાનો સમન્વય જરૂરી છે. એ જ રીતે હિલિસ મિલિરના ગ્રંથનો પણ ઉલ્લેખ ઉમાશંકર જોશીના મતના સમર્થન માટે જ કર્યો છે. જયારે વિષ્ણુપ્રસાદ રૂપરચના અને ચૈતન્યવાદી વિવેચનનો સમન્વય ઈચ્છતાં નથી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પરોક્ષપણે રૂપરચના અને એની ઉપપત્તિઓનો સ્વીકાર કરે છે જયારે પ્રત્યક્ષપણે એનો અસ્વીકાર કરે છે. એમની આ પ્રકારની વિચારણામાં જે વિરોધાભાસ, સંદિગ્ધતા જોવા મળે છે એની વિવેચકે અવતરણો ટાંકીને વિસ્તારપૂર્વક તર્કબદ્ધ પદ્ધતિએ વિશ્લેષણાત્મકપરક ભાષામાં ચર્ચાને રજૂ કરી છે.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું વિવેચક તરીકેનું વ્યકિતત્વ પક્ષિલ છે એવા નિષ્કર્ષ પર વિવેચક લેખના અંતે પહોંચે છે. લેખનું 'શીર્ષક', 'સાહિત્યની પક્ષિલ સાધના' એ હવે લેખના અંતે ચરિતાર્થ થતું લાગે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી આધુનિક કળાનો ઉઘાડો તિરસ્કાર કરે છે એવું વિવેચકે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના મંતવ્યો, એમણે કરેલી વિવેચનાઓ, એમણે આધુનિક સર્જકોને હાંસિયામાં રાખ્યાં એના આધારે સાબિત કરી આપ્યું છે. વિવેચકે સદષ્ટાંતમૂલક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પક્ષિલ અભિગમની ચર્ચાને વિચારણાને તુલનાત્મક અભિગમે રજૂ કરી છે.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પ્રશિષ્ટ કૃતિઓનાં પરિશીલનનો જે આગ્રહ રાખે છે એ કારણોસર વિવેચકે એમની સામે પ્રશ્ન ઊઠાવ્યો છે કે એમણે કેટલી પ્રશિષ્ટ કૃતિઓનો આસ્વાદ કરાવ્યો ? આમ વિવેચકના મતે જો વિવેચન અનુષંગે જેવા આગ્રહ કે સિદ્ધાંતો રાખતાં હોઈએ તો પ્રત્યક્ષપણે આપણે અપનાવીએ છે ખરાં ?

'સાહિત્યસંસ્પર્શ'માં પસંદ કરેલી કૃતિઓ નબળી છે. બે એક કવિઓને બાદ કરતાં બીજી સામાન્ય પ્રતિભા ધરાવનાર કવિઓને ધ્યાનમાં લઈને વિવેચન કર્યું છે માટે વિવેચકે અહીં પણ પ્રશ્નો કર્યા છે. એમના ધોરણો, એમના ગૃહીતોને લઈને વિવેચકે નિરાશા બતાવી છે. વિવેચકના મતે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ જયંત પાઠકના 'અંતરીક્ષ' ની ચર્ચા વ્યવસ્થિત રીતે કરી છે. પરંતુ વિવેચક શિરીષ પંચાલ

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કંઈ રીતે જયંત પાઠકની કૃતિની વ્યવસ્થિત ચર્ચા કરે છે એની ચર્ચા કરતાં નથી.

વિવેચકે લેખના અંતે કહ્યું છે કે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો મોટાભાગે માનવતાવાદી અભિગમ રહ્યો છે. એ એમનો મહત્ત્વનો ફાળો ગુજરાતી સાહિત્ય વિવેચન માટે છે એ વાતને પણ વિવેચકે સ્વીકારી છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સાહિત્ય અને સંસ્કૃતિ વિશેના લેખો ઉત્તમ નીવડી શકયાં છે. આ જ દિશામાં જો એમણે કાર્ય કર્યું હોત ગુજરાતી સાહિત્યને લાભ પ્રાપ્ત થાત. આમ એમની જે મોટાભાગની શકિત છે એ જો આધુનિક કળાનો વિરોધ કરવામાં ન ખરચાઈ હોત તો કંઈ વિશિષ્ટ પ્રાપ્ત થાત. રેખાચિત્રો જે ગ્રંથનો છેલ્લો વિભાગ છે એ વ્યવસ્થિત લખાયો નથી એની વિવેચકે ટૂંકમાં નોંધ આપી છે. ગ્રંથમાં મઠારવાની, કાપકૂપની જરૂરિયાત હતી એ કામ ન કર્યું એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે.

વિવેચકે અન્ય વિવેચકો પાસે પણ ઉદાર રુચિની જ અપેક્ષા રાખી છે. સાહિત્યમાં પક્ષિલ માનસ ઉપયોગી ન બને. વિવેચક શિરીષ પંચાલે કૃતિનિષ્ઠ અને તુલનાત્મક અભિગમે ચર્ચાને રજૂ કરી છે.

**'વિવેચનના વ્યાકરણથી વિવેચનના તત્ત્વજ્ઞાન સુધી'** લેખમાં હરિવલ્લભ ભાયાણીની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિભાવના, એમના ગૃહીતો, એમની દલીલો, એમણે લખેલાં લેખો, એમનાં વિવેચન સંગ્રહમાંથી ઊપસતી વિવેચકની પ્રતિભા વિશે વિવેચક શિરીષ પંચાલે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તર્કબદ્ધ ભાષામાં ચર્ચા કરી છે. વિવેચકે પ્રસ્તુત લેખમાં આપણાં ગુજરાતી વિવેચન વિશે જે ભૂમિકા બાંધી છે એ હવે યાંત્રિક પુનરાવર્તનો જ બને છે. કારણ કે, એમના મોટાભાગના લેખોમાં આ નિરીક્ષણ રજૂ થયું છે. સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણી દ્વારા ગંભીર રીતે વિવેચનનો આરંભ થયો છે. અને એમના મતે આ બંને વિવેચકો પહેલાં તો વિવેચન રંગદર્શી જ રહયું છે. આ ચર્ચાને વિવેચકે વિસ્તારી છે. પણ આવું અતિવ્યાપ્ત ચર્ચાસ્પદ નિરીક્ષણ સ્વીકાર્ય બને નહિ. નરસિંહરાવ દિવેટીયા અને હરિવલ્લભ ભાયાણીની પ્રતિભા વિશે ફરીથી અહીં પુનરાવર્તન કર્યું છે. પ્રસ્તુત લેખમાં હરિવલ્લભ ભાયાણીનાં 'કાવ્યમાં શબ્દ', 'કાવ્યનું સંવેદન' અને 'રચના

અને સંરચના' વિશે કૃતિકેન્દ્રી સમીક્ષા કરી છે. હવે એ તપાસવાનું રહે છે કે એઓ આ ચર્ચાની બહાર જઈને બિનજરૂરી સંદર્ભોની ચર્ચા કરે છે કે નહી. હરિવલ્લભ ભાયાણીના મતે આરંભના ગુજરાતી વિવેચનમાં સર્જક, એની પ્રતિભા કેન્દ્રમાં હતાં એનાથી વિવેચન આત્મકથામાં સરી પડતું હતું. પાયાની સંજ્ઞાઓ વિશેના સંકેતો સ્પષ્ટ નહોતાં. વિવેચકનાં કાર્યો શું છે એના વિશે હરિવલ્લભ ભાયાણી એ જે જે સૂચન કર્યા છે એની નોંધ વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં લીધી છે.

'કાવ્યમાં શબ્દ' વિવેચન ગ્રંથમાં સંજ્ઞાઓના સંકેતો વર્તમાન સંદર્ભમાં સ્પષ્ટ કરી આપે છે એની વિવેચકે નોંધ લીધી છે. હરિવલ્લભ ભાયાણીનો અભિગમ રૂપરચનાવાદી રહ્યો છે એનો નિર્દેશ વિવેચક 'કાવ્યમાં શબ્દ' વિવેચનગ્રંથમાંથી અવતરણ સહિત કરે છે. વિવેચકનું વિવેચન ત્યારે પ્રભાવવાદી બને જયારે એઓ મહ્દઅંશે હરિવલ્લભ ભાયાણી અને સુરેશ જોષીની વિવેચનલક્ષી તપાસ કરતાં હોય. કૃતિમાં ઘટકતત્ત્વનું પ્રાધાન્ય અને ગૌણ સ્થાન વિશે હરિવલ્લભ ભાયાણીનાં મત મુજબ **'કોઈ કૃતિ વિશેષમાં છંદ, અલંકાર વગેરેનું જેવું કાર્ય કે પ્રવર્તન હોય તેને આધારે તેમની પ્રાધાનતા-ગૌણતા અવશ્ય નકકી કરી શકાય. દરેક તત્ત્વમાં કાવ્યનું પ્રાણપદ તત્ત્વ બનવાની પૂરેપૂરી ક્ષમતા'**[૧૭૦] છે જેના વિશે પણ વિવેચકે મહત્ત્વની નોંધ લીધી છે.

વિવેચક હરિવલ્લભ ભાયાણીના મતે કલાકૃતિમાં રૂપનું મહત્ત્વ એટલે **'કલાકૃતિના ઘટકતત્ત્વોની મેળવણી દ્વારા નિષ્પન્ન થતા રૂપ ઉપર કલાની આગવી વિશિષ્ટ અનુભૂતિ સર્વાંશે નિર્ભર છે, મહદંશે નિર્ભર છે કે અલ્પાંશે નિર્ભર છે તે નકકી કરવું'**[૧૭૧] એમના મતે દરેક ઘટકતત્ત્વ એ સ્વરૂપ પ્રમાણે મહત્ત્વ ધરાવે છે એની પણ વિવેચકે સદષ્ટાંત ચર્ચા કરી છે.

હરિવલ્લભ ભાયાણી એમનાં મૂળ ગૃહીતોને જ વળગી રહે છે. વિવેચકે એની ચર્ચા-વિચારણા હરિવલ્લભ ભાયાણીએ કરેલ સંસ્કૃત અને ગુજરાતી ગ્રંથોની સમીક્ષાના અનુસંધાનમાં રજૂ કરી છે. વિવેચકે ઈમ્પ્રેશનિસ્ટીક વિવેચનાની ઉપેક્ષા, કૃતિની ઐતિહાસિકતાને લગતાં પ્રશ્નોની ચર્ચા સંસ્કૃત અને પાશ્ચાત્ય વિચારકોનાં મંતવ્યોનો આધાર લઈ રજૂ કરી છે. એમાં હરિવલ્લભ ભાયાણીની ઉદાર રુચિનો

પરિચય થાય છે. હરિવલ્લભ ભાયાણી કવિની અનુભૂતિને, સમાજ અને યુગને પણ મહત્ત્વ આપે છે. આમ એઓ કૃતિનિષ્ઠ અભિગમના લીધે સદંતર બીજા અભિગમોનો છેદ ઊડાવતાં નથી .

હરિવલ્લભ ભાયાણીએ છંદની સાથે લયની પણ ચર્ચા શાસ્ત્રીય પદ્ધતિએ કરી છે એની વિવેચકે વિવરણાત્મક પદ્ધતિએ નોંધ લીધી છે. આકૃતિ, રૂપ, ઔચિત્ય, સુંદરતા, કલ્પન, પુરાણકલ્પન જેવી સંજ્ઞાઓની અને એમના સંકેતોની ચર્ચાને રજૂ કરી છે એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે. કાવ્યની ભાષા અને વ્યવહારની ભાષાની વ્યાવર્તકતાના અનુસંધાનમાં હરિવલ્લભ ભાયાણી કોઈ ભેદ કરતાં નથી એવા નિષ્કર્ષ પર વિવેચક પહોંચે છે. ભાષાનો વિનિયોગ કરવાની આવડત વિશે, કૃતિના માધ્યમને તપાસવા અંગે, કાવ્યનાં પ્રાણભૂત પ્રશ્ન ગણાતાં ભાષાનાં પ્રશ્નને શૈલીની સાથે સાંકળી લીધો છે એના વિશે વિવેચક હરિવલ્લભ ભાયાણીના મંતવ્યોને દર્શાવીને પોતે પણ એ મંતવ્યોથી સંમત છે એની ભૂમિકાને દર્શાવી આપી છે.

રામનારાયણ પાઠકની ‘વર્ણ’ અનુષંગેની વિચારણાને હરિવલ્લભ ભાયાણી એક ડગલું આગળ વિસ્તારે છે એની નોંધ એમના પ્રત્યક્ષ વિવેચનના અનુસંધાનમાં લે છે. કૃતિની તપાસ માત્ર ભાષા વડે કરવાથી સંપૂર્ણ કૃતિને પામી શકાતી નથી એ વાતની સૂઝ અને સમજ હરિવલ્લભ ભાયાણીમાં છે માટે એમણે રોમન ઈન્ડગાર્ડનના મતંવ્યનો આધાર લઈ કૃતિને ત્રણ સ્તરે તપાસવાનું કહ્યું છે. વિવેચકે હરિવલ્લભ ભાયાણીની સૂઝ શકિતનો પરિચય પણ કરાવી આપ્યો છે. ભાષા વિજ્ઞાનનું કૃતિ અનુષંગે શું કાર્ય છે એની ચર્ચા વિવેચકે પાશ્ચાત્ય અને સંસ્કૃતમીમાંસાના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. **‘સાહિત્યભાષા મૂળભૂત રીતે અર્થનિષ્ઠ અને મૂલ્યનિષ્ઠ(સૌદર્યનિષ્ઠ છે) એ હકીકત સાથે જે ભાષા સિદ્ધાંત કામ ન પાડી શકે તે ભાષા સિદ્ધાંત સાહિત્ય ભાષાનું સ્વરૂપ સમજવામાં ચકરાવે ચડી જશે એમ લાગે છે.’**[૧૭૨] રેનેવેલક પણ આ વાત સાથે સમંત થાય છે. સાહિત્ય અને વાસ્તવ, અર્થ અને કૃતિના ભાષાનાં પ્રશ્નને હરિવલ્લભ ભાયાણીએ ચર્ચીને વધુ સ્પષ્ટ કરી આપ્યાં છે. એની વિવેચકે વર્ણનાત્મક ભાષામાં ચર્ચાઓ કરીને રજૂઆત કરી છે.

નવલકથાની મૂલવણી માટે પાશ્ચાત્ય વિવેચકોના અભિપ્રાયોનો ઉલ્લેખ કરી વિવેચક કહે છે કે હરિવલ્લભ ભાયાણી આ અભિપ્રાયોની વાત કરી ઊહાપોહ માટેની ભૂમિકા રચી આપે છે.

રા.વિ.પાઠકે 'કાન્ત'ના ખંડકાવ્યને ટ્રેજિક કહ્યું અને હરિવલ્લભ ભાયાણી પાસે ટ્રેજેડીની ભૂમિકા હોવાથી એઓ ખંડકાવ્યને ટ્રેજેડી નથી કહેતા. આમ વિવેચક શિરીષ પંચાલ દર્શાવવા માંગે છે કે વિવેચન કરતાં પહેલાં એ સ્વરૂપનો, પરંપરાનો ખ્યાલ હોવો જોઈએ જે હરિવલ્લભ ભાયાણી પાસે છે.

કૃતિનિષ્ઠ વિવેચનાના આગ્રહી હોવાથી અલંકારશાસ્ત્ર તરફ એઓ વળે છે. આધુનિક વિવેચના કેમ સંસ્કૃતમીમાંસા તરફ ન વળી જો એણે કૃતિનિષ્ઠ અભિગમે વિવેચના કરવી હતી તો ? આ બાબતે એમણે ફરિયાદ કરી છે એની અવતરણ સહ વિવેચકે નોંધ લીધી છે.

ગુજરાતી વિવેચનને વસ્તુલક્ષી અને ચોકકસતા આપી એનો શ્રેય વિવેચકે હરિવલ્લભ ભાયાણીને આપ્યો છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. વિવેચકની પદ્ધતિ વર્ણનાત્મક છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ છે. વિવેચકે હરિવલ્લભ ભાયાણીના મતને પ્રતિપાદિત કરી આપવા માટે તર્કબદ્ધ દલીલો રજૂ કરી છે. વિવેચકે પ્રસ્તુત લેખમાં હરિવલ્લભ ભાયાણીની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણાની સ્પષ્ટતા કરી આપી છે.

**'ગ્રંથાવલોકન'** લેખમાં વિવેચકે ભગવતીકુમાર શર્મા કૃત 'અડાબીડ' વાર્તાસંગ્રહ, ચીનુમોદી કૃત 'ડાબી મુઠ્ઠી જમણી મુઠ્ઠી' વાર્તાસંગ્રહ, નરોત્તમ પલાણ કૃત 'લોચન' વિવેચન ગ્રંથ, ભોળાભાઈ પટેલ કૃત 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' ગ્રંથનું મૂલ્યાંકનપરક ભાષામાં અવલોકન રજૂ કર્યું છે.

વિવેચકે બે વાર્તાસંગ્રહો એક 'અડાબીડ' અને બીજો 'ડાબી મુઠ્ઠી જમણી મુઠ્ઠી' અનુષંગે અવલોકન કર્યું છે. એમનો હેતુ આ વાર્તાસંગ્રહો પરંપરાને વિસ્તારે છે કે પરંપરાનો વિદ્રોહ કરીને કંઈક સિદ્ધ કરે છે એને તપાસવાનો છે. બંને વાર્તાસંગ્રહોમાં સમાવિષ્ટ વાર્તાઓનું વિષયવસ્તુ, શૈલી, પાત્રનાં ભીતરી સંચલનો, પાત્રલેખન, વાર્તા પસંદગી અનુષંગેના ધોરણો, વાર્તામાં આવતાં સ્થિત્યંતરો,

પરંપરાગત વાર્તાથી જુદું પાડનાર તત્ત્વ, પરંપરાગત કથનશૈલીનો વિનિયોગ, નિરૂપણરીતિ, સામાન્ય વિષયોને અભિવ્યકત કરવાની રીત જેવી બાબતો વાર્તાને નવી દિશા આપે છે કે નહિ એના અનુસંધાનમાં મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ ચર્ચા કરી છે.

વિવેચકનો વાર્તાને મૂલવતી વખતે વિવેચન વ્યાપાર તો જોઈ શકાય છે જ, પરંતુ એ પહેલા એમનાં ભાવનવ્યાપારનો પણ અનુભવ થયા વિના રહેતો નથી. ભગવતીકુમાર શર્માનો વાર્તાસંગ્રહ 'અડાબીડ'ની 'અણગમતું' વાર્તાને લઈએ તો એનો ખ્યાલ આવી શકે એમ છે જેમકે **'ગિધુભાઈના વ્યકિતગત જીવનમાં દીકરીનો વ્યભિચાર તેમને એક સ્થિતિમાંથી ઊંચકીને બીજી સ્થિતિમાં મૂકી આપે છે. ઇન્દ્રિયજડ બની ગયેલા ગિધુભાઈ એકાએક સજીવ બની ઊઠે છે.'**[૧૭૩] આ પ્રકારે કલાત્મકતાનાં ધોરણોની નોંધ લીધી છે. વાર્તામાં સહજતા, સ્વાભાવિકતાને મહત્ત્વ આપે છે. પ્રયોગત્મક વાર્તાઓ દ્વારા વાર્તાક્ષેત્રે નવી દિશાનો સંકેત મળે છે. પરંતુ વિવેચકને એનાથી સંતોષ થતો નથી. બે વાર્તાકારોના પ્રદાનને મહત્ત્વનું માને છે પરંતુ હજુ પણ વાર્તાક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે એવો સ્પષ્ટ સૂર વિવેચકે અભિવ્યકત કર્યો છે, પરંતુ એની સદષ્ટાંતમૂલક ચર્ચાઓ કરી નથી જેની અપેક્ષા રહે. વિવેચકનું કાર્ય એ છે કે એઓ દિશાસૂચન કરે.

નરોત્તમ પલાણ કૃત **'લોચન'** ગ્રંથમાં સમાવિષ્ટ ચાર વિભાગોની સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં વિવેચકે ચર્ચાઓ કરી છે. નરોત્તમ પલાણે પ્રથમ વિભાગમાં 'નરસિંહ જીવન : એક પુર્નવિચાર' વિશે કે.કા.શાસ્ત્રી, જેઠાલાલ ત્રિવેદી, ઉમાશંકર જોશી અને ધીરુ પરીખનાં સંશોધનો વિશે ફરિયાદ કરીને પોતાના સૂચનો, દલીલો આ સંશોધકોના સંશોધનના અનુસંધાનમાં રજૂ કર્યાં છે એની વિવેચકે તપાસ કરી નોંધ લઈને નરોત્તમ પલાણના સૂચનોને આવકાર્યા તો છે પરંતુ એમની વિવેચન પદ્ધતિનાં ભયસ્થોનોની ચર્ચા પણ સદષ્ટાંતમૂલક રજૂ કરી છે. નરોત્તમ પલાણની આ વિવેચન પદ્ધતિમાં નિષ્કર્ષની પ્રક્રિયા, ચાર સંશોધકોના અભ્યાસ વિશે વિવેચકે તર્કબદ્ધ ભાષામાં નોંધ લીધી છે.

આ જ વિભાગમાં ઈ.એમ.ફોર્સ્ટર, તોલ્સતોય વિશેના લેખો સ્થૂળરૂપે પ્રાપ્ત થાય છે. તોલ્સતોયનો લેખ વિવેચકને યોગ્ય લાગ્યો છે એનું પણ કારણ એમણે આપ્યું છે.'નર્મદ' વિશેનો લેખ સંતોષજનક લાગ્યો છે તથા 'શરદચંદ્ર' વિશેનો લેખ એમની સર્જકતાની પ્રતીતિ કરાવી જાય છે. આમ વિવેચકે આ વિભાગનાં લેખોની ઉચિત પરિપ્રેક્ષ્યમાં નોંધ લઈ પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરી છે.

બીજા વિભાગમાં 'લોકસાહિત્ય' વિશેની સંજ્ઞા, લોકસાહિત્યનાં વિધાનો, અભ્યાસીઓ વિશેની નરોત્તમ પલાણ જે વિશેષતાઓ અને મર્યાદાઓનો નિર્દેશ કર્યો છે એની વિવેચકે ટૂંકમાં નોંધ લીધી છે.

'ડોલરરાય માંકડ'ની વિદ્વતાનો પરિચય કરાવતી વખતે નરોત્તમ પલાણ સૂક્ષ્મ બાબતો તરફ આપણું ધ્યાન દોરે છે એની પણ વિવેચકે ચર્ચા કરી છે. વિવેચકે આ વિભાગમાં દર્શક કૃત 'વારસો અને વૈભવ' જેવા ગ્રંથને નરોત્તમ પલાણે મહાન ગ્રંથ કહ્યો પરંતુ એની વિશેષતાને બદલે મર્યાદા જ દર્શાવી છે એનો પણ નિર્દેશ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં કરી આપ્યો છે.

'મરણોત્તર','સ્વપ્નતીર્થ', 'નિશાચક્ર' નવલકથાઓની તપાસ સામ્ય અને વૈષ્મયના અનુસંધાને કરી છે. આ પ્રકારની વિવેચન પદ્ધતિ અને અભિગમથી એમની નિર્ભીકતાનો પરિચય થાય છે એવું વિવેચકને પ્રતીત થાય છે. સુરેશ જોષીના સર્જન કે વિવેચન વિશે કોઈ મર્યાદા ચીંધી બતાવે તો શું એ નિર્ભીક કહેવાય ? આ વિભાગમાં આપેલાં કાવ્યાસ્વાદો આવકાર્ય છે, પણ કેમ આવકાર્ય છે એની ચર્ચા વિવેચકે કરી નથી.

'આધુનિકતા અને ગુજરાતી કવિતા'ના લેખક ભોળાભાઈ પટેલ આ પુસ્તકમાં ત્રણ વ્યાખ્યાનોને રજૂ કર્યા છે. વિવેચકે ભોળાભાઈ પટેલના સાહિત્યિક વ્યકિતત્વની વિશેષતાઓ આ વ્યાખ્યાનોના અને લેખના અનુસંધાનરૂપે દર્શાવી આપી છે. ભોળાભાઈ પટેલે વ્યાખ્યાનો કયાં રજૂ કર્યા હતાં એની નોંધ તથા લેખમાં જે વિષય પરત્વેની ચર્ચાઓ છે એને તુલનાત્મક અભિગમે રજૂ કરી છે. વિવેચકે પરિચયાત્મક નોંધ રજૂ કરી છે એની નોંધ લેવી ખપે.

આ લેખ એમ જોવા જઈએ તો વિશાળ પરિપ્રેક્ષ્યને આવરી લે છે. પરંતુ જે ઊંડાણ વિવેચકનાં બીજા લેખોમાં જોવા મળે છે એ ઊંડાણ પ્રસ્તુત લેખમાં જોવા મળતું નથી પરંતુ નોંધનીય ચર્ચાઓ ચોકકસરૂપે જોવા મળે છે. એમના મોટા ભાગના લેખો સ્થૂળ બની રહે છે.

**'એક અરૂઢ વિવેચન પુસ્તિકા'** લેખમાં સુમન શાહ કૃત 'નિરંજન ભગત' પુસ્તક વિશે વિવેચકે સુમન શાહના નિરંજન ભગત વિશેના સર્જક-વિવેચનલક્ષી મંતવ્યોની ચર્ચા મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ જ રજૂ કરી છે. વિવેચકનો અભિગમ સર્જકલક્ષી અને તુલનાત્મક રહ્યો છે. વિવેચકે સુમન શાહ કૃત 'નિરંજન ભગત' વિશેના લેખનકાર્યની સૂક્ષ્મ નોંધ લીધી છે. વિવેચકના મતે સુમન શાહની ભાષા અસંદિગ્ધ રહી છે. આથી એમના વિચારને પામવામાં સરળતા રહે છે. સુમન શાહની ભાષા બીજા વિવેચન ગ્રંથો કે લેખોમાં સંદિગ્ધ રહેતા મૂળ વિચારને પામવામાં મુશ્કેલી થાય છે એવું સ્પષ્ટ વિધાન વિવેચકે આ વિવેચનાનાં અનુસંધાને કર્યું છે. સુમન શાહે નિરંજન ભગત વિવેચક કરતાં વધારે કવિ છે એવું તારણ આપતાં વિવેચકે સુમન શાહને સૂચન કર્યું છે કે કાવ્યવિભાવના અને એમની કાવ્યપ્રવૃત્તિને સમાન્તરે તપાસવાની હતી. પરંતુ એવી ચર્ચાઓમાં આગળ ન પડતાં સુમન શાહે જે ચર્ચાઓ કરી છે એને તપાસે છે.

નિરંજન ભગત કવિ તરીકે આધુનિક ગણાય કે ન ગણાય એની ચર્ચા 'આધુનિકતા' સંજ્ઞાના સંદર્ભમાં કરી છે. સુમન શાહે કરેલી ચર્ચા વિવેચકના મતે યોગ્ય ઠરે છે. નિરંજન ભગતની કવિતા અને કાવ્યપ્રવૃત્તિનો ચિતાર આપવામાં સુમન શાહ સફળ થયાં છે એવી નોંધ વિવેચકે ટૂંકમાં આપી છે. વિવેચકે અહીં કૃતિનિષ્ઠ અભિગમે ચર્ચાઓ કરી છે.

'પ્રવાલદ્વીપ'ની કવિતા અનુષંગેની વિવેચના સઘન અને વિવેચનાત્મક લાગી નથી એવી તર્કબદ્ધ ભાષામાં ચર્ચા વિવેચકે સદષ્ટાંત કરી છે.**''પ્રવાલદ્વીપ'' ની ચર્ચાને વધુ સંગીન બનાવવા માટે સુમન શાહ નગરજીવનની વધુ સંકુલ રચનાઓના સંદર્ભે આંતરરાષ્ટ્રીય નહીં તો ગુજરાતી આધુનિક કવિતાના સંદર્ભે માંડણી કરી શકયા હોત'**[૧૭૪] આમ, છતાં સુમન શાહની નિર્ભીકતાનો પરિચય પણ

આપે છે. સુમન શાહે નિરંજન ભગતના વિવેચક તરીકેના વ્યકિતત્વનો પરિચય કંઈ રીતે કરાવ્યો છે એની પણ વિવેચકે તપાસ ઉચિત પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. નિરંજન ભગતની વિવેચન વિભાવનાના અનુસંધાનમાં જે પ્રશ્ન સુમન શાહે પૂછે છે એની સાથે વિવેચક પણ સંમત થાય છે. નિરંજન ભગતની વિવેચનલક્ષી ભાષા અનુષંગે વિસ્તારથી ચર્ચા કરતા નથી પરંતુ જે નિર્દેશ કરે છે એનાથી વિવેચકને સંતોષ રહ્યો છે. 'નિરંજન ભગતની' ઈતિહાસ નિષ્ઠામાંથી જન્મતો ઘોંઘાટ એમની કલાભાવનાને નિરાંતે સાંભળવા દેતો નથી. **'સુમન શાહની આ સૂઝ જ બ.ક.ઠાકોરના સંદર્ભે નિરંજન ભગતની ભાષા કરતા હર્ષદ ત્રિવેદીની ભાષા વિશેષતઃ સમીક્ષા પ્રધાન રહી છે તેની નોંધ લેવાનું ચૂકતી નથી.'**[૧૭૫] આમ વિવેચક સુમન શાહની વિવેચનાત્મક નોંધનો ટૂંકો પરિચય આપ્યો છે. વિવેચક શિરીષ પંચાલ અંતે સુમન શાહે કરેલાં નિરંજન ભગત વિશેના વિવેચનકાર્ય વિશે નોંધે છે કે સુમન શાહે આટલાં આટલાં મુદ્દાઓની તપાસ કરી છે. વિવેચક એમાંથી બે એક મુદ્દાની ચર્ચા કરતાં જ નથી એની નોંધ લેવી ખપે.

**'વિવેચનના પુનર્મૂલ્યાંકનનો એક ઉત્તમ નમૂનો'** લેખમાં હર્ષદ ત્રિવેદી કૃત 'વિવેચક પ્રો. બલવંતરાય ઠાકોર' વિશે વિવેચકે મૂલ્યાંકન કર્યું છે. વિવેચકે બ.ક.ઠાકોરની સર્જક-વિવેચક પ્રતિભાનો ટૂંકમાં પરિચય આપ્યો છે. હર્ષદ ત્રિવેદીનો રૂપરચનાવાદી અભિગમ છે એનો નિર્દેશ કરી તાર્કિક સંગતતાની તપાસ કરવાનો એમણે ઉપક્રમ રાખ્યો છે. બ.ક.ઠાકોરની વિવેચના વિશે ચર્ચા-વિચારણા કરતાં પહેલા ત્રિવેદી સાહેબે એમની પૂર્વના વિવેચનનાં ગૃહીતો, પ્રશ્નોની આલોચનાત્મક ચર્ચાઓ રજૂ કરી છે એવી નોંધ લઈ વિવેચક જણાવે છે કે, હર્ષદ ત્રિવેદીએ બ.ક.ઠાકોરની વિવેચનલક્ષી વિચારણા, એમનાં ગૃહીતોની તપાસ કરવા માટે પાશ્ચાત્ય વિવેચકોની વિચારણાના અનુસંધાને અભ્યાસ રજૂ કર્યો. બ.ક.ઠાકોરની કાવ્યભાવના અને પાશ્ચાત્ય વિવેચકોની કાવ્યભાવનાનો મેળ ખાતો નથી એવા નિષ્કર્ષ પર હર્ષદ ત્રિવેદી પહોંચે છે. આમ વિવેચકે હર્ષદ ત્રિવેદીનાં બ.ક.ઠાકોર વિશેના નિષ્કર્ષ વિશે પરિચય આપ્યો.

બ.ક.ઠાકોરે 'કલ્પના' વિશે, એના સ્વરૂપે વિશે શાસ્ત્રીય ચર્ચા કરી નથી જેવી રીતે રસ્કિન અને કોલરિજે કરી છે. બ.ક.ઠાકોરની વિચારપ્રધાનતા વિશેની વિચારણામાં પણ ઊંડાણ જોવા મળતું નથી. રા.વિ.પાઠકે આ વિચારણાને કેવી રીતે ચર્ચી છે એનો તુલનાત્મક અભિગમે પરિચય કરાવ્યો છે. બ.ક.ઠાકોર વિવેચન કરતી વખતે પોતાની અંગતરુચિ વચ્ચે લાવતાં હતાં એ કારણોસર હર્ષદ ત્રિવેદીએ ફરિયાદ કરી છે એની અવતરણસહ વિવેચકે નોંધ લીધી છે.

વિવેચકે લેખના અંતે ટૂંકમાં હર્ષદ ત્રિવેદીએ ચર્ચેલા પ્રશ્નોનો નિર્દેશ કરી આપ્યો છે. વિવેચક તરીકે હર્ષદ ત્રિવેદીએ કૃતિમાં પ્રવેશવા અનુષંગે જે વિધાનો કર્યા છે એનો વિવેચક અસ્વીકાર કરે છે એમની સાથે હું પણ સંમત થાઉં છું.

અગેયતા અને મુકત પદ્ય વિશે લંબાણપૂર્વક ચર્ચા કરી છે એ વિવેચકને ગમ્યું નથી. કારણકે ટૂંકાણમાં વાત કરે તો અસરકારક સાબિત થાય એવું એમનું મંતવ્ય છે. જયારે અન્ય લેખોમાં વિવેચક વિસ્તારપૂર્વકની ચર્ચાની અપેક્ષા રાખતા જોઈ શકાય છે. વિવેચકના પોતાના લેખ વિશાળ પરિપ્રેક્ષ્યમાં જ લખાય છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ રહી છે. એમણે કૃતિનિષ્ઠ અભિગમે જ હર્ષદ ત્રિવેદીની ચર્ચા વિચારણાઓને તપાસી છે.

**'કથાવિવેચન પ્રતિ' વિશે'** લેખ પ્રમોદકુમાર પટેલના વિવેચન સંગ્રહ અનુષંગેનો છે. 'કથાવિવેચન પ્રતિ' વિવેચન ગ્રંથથી તૃપ્તિ મળે છે એવો વિવેચકનો અભિપ્રાય છે. નવલકથાની કળા અને ટૂંકીવાર્તાની વિભાવના જેવા પ્રશ્નોની ચર્ચા કરવા માટે નવલકથા અને ટૂંકીવાર્તાઓને પસંદ કરીને એનું મૂલ્યાંકન પ્રમોદકુમાર પટેલે કર્યું છે. પ્રમોદકુમાર પટેલનો અભિગમ રૂપરચનાવાદી છે. નવલકથાના માધ્યમની સાથે દર્શન અને રહસ્ય વિશેનું મહત્ત્વ, ભાષાના પુનર્વિધાન અનુષંગે, સામાજિક સંદર્ભને અપાતું મહત્ત્વ, ઐતિહાસિક સંદર્ભને લીધે સંભળાતો લેખકનો ક્રીટીકલ વોઈસ, નવલકથાની રચના પ્રક્રિયાને કવિતાની રચના પ્રક્રિયાની સમાંતરે મૂકી જેવા મુદાઓના અનુસંધાનમાં વિવેચકે પ્રમોદકુમાર પટેલની વિવેચનલક્ષી વિચારણાની નોંધ લીધી છે.

પ્રમોદકુમાર પટેલ માર્ક શોરરનો 'ટેકનિક' વિશેનો નિબંધ કૃતિમાં સર્જકની અનુપસ્થિતિની વિભાવનાની ભૂમિકાએ મૂકી આપી ચર્ચે છે. વિવેચકના મતે ત્યાં critical voice ની ભૂમિકાનું અનુસંધાન થતું નથી એની નોંધ તાર્કિક પદ્ધતિએ લીધી છે. પ્રમોદકુમાર પટેલની વિવેચનલક્ષી વિશેષતાઓ વિવેચકે દર્શાવી આપી છે. પ્રમોદકુમાર પટેલ નવલકથા અનુષંગેનો વિચાર વૈવિધ્ય અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં કરે છે. અને રસાનુભવ અંગેના ઘણાં પ્રશ્નોને ચર્ચે છે. પરંતુ critical voice ની પરખ કરવામાં પ્રમોદકુમાર પટેલ જે થાપ ખાય છે એની તુલ્યભાવે નોંધ લીધી છે. સુરેશ જોષીની વાર્તાઓની પ્રમોદકુમાર પટેલે જે ચર્ચા કરી છે એ ઉચિત પ્રરિપ્રેક્ષ્યમાં કરી નથી એમ વિવેચકનું માનવું છે. પરંતુ વિવેચકે આ મુદ્દાને વ્યવસ્થિત રૂપે રજૂ કર્યો નથી. પ્રમોદકુમાર પટેલ રૂપરચનાવાદી અભિગમની સાથે ઐતિહાસિક અભિગમને પણ પુરસ્કારે છે. પ્રમોદકુમાર પટેલ નવલકથાનાં સ્વરૂપને જે રીતે ચકાસે છે એ રીતે જ ટૂંકીવાર્તાનાં સ્વરૂપને પણ તપાસે છે એની વિવેચકે તર્કબધ્ધ ભાષામાં નોંધ લીધી છે. અહી પણ રૂપરચનાની સાથે દર્શન અને રહસ્યને મહત્ત્વ આપે છે એની નોંધ લીધી છે. પ્રમોદકુમાર પટેલની વિવેચના પ્રમાણભૂત લાગે છે એવું વિધાન વિવેચક કરે છે પણ એની સદષ્ટાંત ચર્ચા કરતાં નથી. એમના આ પ્રકારના વિધાનને આપણે કંઈ ભૂમિકાએ સ્વીકારીએ ? પ્રમોદકુમાર પટેલની એમને જે રીતે આલોચના કરી છે એ રીતે જોતાં પ્રમાણભૂતતાની બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી છે. આ વિવેચનસંગ્રહ વિશે વિવેચકે ઊંડાણપૂર્વકની ચર્ચા કરી નથી એની પ્રતીતિ થયા વગર નથી રહેતી નથી. વિવેચકે ઊભડક ચર્ચા-વિચારણા કરી છે. એના કારણે પ્રમોદકુમાર પટેલના વિવેચનલક્ષી વિચારને સમજવામાં મુશ્કેલી પડે છે.

**'સરસ્વતીચંદ્ર : વીસરાયેલા વિવેચનો'**– સંપાદનનો એક આદર્શ નમૂનો- આ લેખમાં વિવેચકે સંપાદકના કાર્યને તપાસ્યું છે. સંપાદકે જે જહેમત ઉઠાવી છે, એની ચર્ચા ઉચિત પરિપ્રેક્ષ્યમાં વિવેચક કરે છે. પ્રસ્તુત લેખમાં વિવેચક 'સરસ્વતીચન્દ્ર' નવલકથા વિશે લખાયેલાં વિવેચનોની પદ્ધતિ, અભિગમ, ભાષાનાં અનુસંધાને ચર્ચા-વિચારણા વિવેચક કરે છે. વિવેચકના મતે

સંપાદકે સંકલિત કરેલાં લેખોનું સાહિત્યિક મૂલ્ય છે કારણ કે વિવેચન પરમ્પરાનો પરિચય પણ પ્રસ્તુત લેખમાંથી પ્રાપ્ત થાય છે. આમ વિવેચકે આ સંપાદનનું મૂલ્ય દર્શાવી આપ્યું છે. મણિલાલ દ્વિવેદી, વિશ્વનાથ વૈદ્ય અને રમણભાઈ નીલકંઠ તથા 'બન્ધુ સમાજ' નામના મંડળે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાની જે રીતે સમીક્ષાઓ, મૂલ્યાંકનો કર્યાં છે એની વિવેચકે અછડતી નોંધ લીધી છે. મણિલાલ દ્વિવેદીએ 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના ભાષા અનુષંગેના પ્રશ્નની ચર્ચા કરી નથી માટે રમણભાઈ નીલકંઠે એની ચર્ચા કરી. આમ પુરોગામી વિવેચનની મર્યાદા દૂર કરવાનો પ્રયાસ એ સમયમાં થતો હતો એની પણ વિવેચક નોંધ લે છે. વિવેચકોએ 'સરસ્વતીચન્દ્ર' નવલકથા અનુષંગે જે જે મર્યાદાઓ વિશેષતાઓ પાશ્ચાત્ય અને ગુજરાતી સાહિત્યના અનુસંધાને દર્શાવી આપી એની ટૂંકમાં ચર્ચા વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. સંપાદકોએ સંપાદિત કરેલ લેખોનો અભ્યાસ, સંશોધન કર્યું છે એની તરફ ટૂંકમાં નિર્દેશ કર્યો છે. અન્ય સંપાદકો માટે આ લેખ મહત્ત્વનો સાબિત થઈ શકે એમ છે. આમ વિવેચકે 'સરસ્વતીચન્દ્ર' નવલકથા વિશે થયેલી વિવેચનાત્મક ચર્ચાઓ, સંપાદકોને લગતી બાબતોની વિશ્લેષણાત્મક રજૂઆત કરી છે.

**'વીસમી સદીની પાશ્ચાત્ય નવલકથા વિશેના અભ્યાસગ્રંથ'** અનિલા દલાલ કૃત **'દર્પણનું નગર'** વિવેચકના મતે સર્જકોના પરિચય વિશેનો ગ્રંથ છે. પરંતુ આ પ્રકારની એમની વિચારણા લેખના અંતે ખોટી પડે છે. **'અહીં જે નવલકથાઓની ચર્ચા કરી છે તે બધા નવલકથાકારો ટેક્નિક વિશે સભાન છે, એટલે પછી વિવેચક માટે એ કૃતિની રૂપરચનાની ચર્ચા-વિચારણા કર્યા વિના બીજો કોઈ ઉપાય રહેતો નથી.'**[૧૭૬] આમ વિવેચકે જે રીતે અનિલા દલાલના અભિગમ વિશે આરંભમાં વાત કરી એમાં પરિવર્તન લેખના અંતમાં જોઈ શકાય છે. તો વિવેચકે આવા વિધાનો કરવા કેટલાં યોગ્ય છે. ? વીસમી સદીના નવલકથા સ્વરૂપમાં પરિવર્તન લાવનારાં નવલકથાકારોનાં નામનો ઉલ્લેખ કરીને અનિલા દલાલે ચર્ચાઓ કરી છે. વિવેચકે એનો માત્ર નિર્દેશ કર્યો છે. ગુજરાતી સાહિત્ય વાંચનારા જુદાં જુદાં સર્જકોની જુદી જુદી શૈલીથી વૈવિધ્યતાનો અનુભવ કરે છે. અનિલા દલાલના નવલકથાના

સ્વરૂપમાં પરિવર્તન આણવામાં આવ્યું એના કારણરૂપ આંતરિક જગતની સાથે બાહ્યજગતને પણ એટલું જ મહત્ત્વ આપે છે. અસાહિત્યિક પરિબળો તથા સર્જકનું પોતાનું વ્યકિતત્વ અળગું રહેતું નથી એની વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં ઉચિત નોંધ લીધી છે.

જોયસ્ વિશે વ્યવસ્થિત ચર્ચા કરી છે. અપરિચિત સાહિત્ય કૃતિઓનો પરિચય કરાવવામાં અનિલા દલાલની વિશેષતાઓ વિવેચકે દર્શાવી આપી છે. અનિલા દલાલના પ્રત્યક્ષ વિવેચનમાં કૃતિની ચર્ચાઓ અનુષંગે વિરોધાભાસ જોવા મળે છે એની અવતરણ ટાંકીને સૂચનો સહિત રજૂઆત કરી છે. આખા ગ્રંથમાં નબળો લેખ 'દર્પણનું નગર'વિશેનો છે. પરંતુ લેખ કેમ નબળો છે એની ચર્ચા કરતાં નથી. આમ વિવેચકે અહીં પણ નબળા લેખ વિશે વિગતે વાત કરી નથી કે કયા કારણોસર એમણે આ લેખ નબળો લાગ્યો છે. વિવેચકે કૃતિનિષ્ઠની સાથે પરિચયાત્મક પદ્ધતિનો અનિલા દલાલે કરેલી ચર્ચાઓના અનુસંધાને વિનિયોગ કર્યો છે.

**'સર્જનાત્મક નવલકથા'ના પ્રશ્નો લેખમાં** વિવેચકે ભગવતીકુમાર શર્મા કૃત 'અસૂર્યલોક'નવલકથાની કથાવસ્તુનો પરિચય વિસ્તારથી કરાવ્યો છે. નવલકથાની વસ્તુસંકલના રેખાયિત છે તથા મહાકાવ્યની વસ્તુસંકલનાને અનુસરતી લાગે છે એમ વિવેચક જણાવે છે પરંતુ વિગતે આની ચર્ચા કરી નથી. નવલકથાનો પૂવાર્ધ ઉતરાર્ધ કરતાં ચડિયાતો છે. પરંતુ ઉત્તરાર્ધ કોઈ બીજી નવલકથા છે એવી પ્રતીતિ થાય છે. આમ વિવેચકે નવલકથાની પ્રકૃતિ વિશે ટૂંકમાં જ માહિતી આપી દીધી છે. પ્રધાન-ગૌણ પાત્રોનો વિવેક, પાત્રોના જીવનને વળાંક આપતી ઘટનાઓ અને એનાથી પાત્રોની રેખાઓ કેવો વળાંક લે છે એની નોંધ, નવલકથાને ગતિ આપનારું પરિબળ, નિગમશંકરના પાત્રનું વર્ણન, પાત્રની વ્યકિતતા બદલાય છે એ પાછળ કાર્યગત પરિબળનો નિર્દેશ, નવલકથા કયા કયા ભયસ્થાનોનો સામનો કરે છે, પાત્રોની સૂક્ષ્મતા પ્રગટાવી છે એની નોંધ, વિગત દોષોનો ઉલ્લેખ, આદર્શવાદ અને ભાવનાવાદના લીધે પરિણામમાં પડતો ફરક જેવી વિગતોની નોંધ મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂ કરી છે. વિવેચકે કૃતિકેન્દ્રી વિચારણાએ તપાસ કરી છે. પ્રસ્તુત

લેખમાં કથાવસ્તુને અને પાત્રાલેખનને રજૂ કરવા માટે વિવેચકે વધુ જહેમત ઉઠાવી છે પરંતુ આ લેખમાં પાત્રાલેખન અને કથાવસ્તુની જ ચર્ચા કરાતાં બીજી બાબતો વિશે ચર્ચાઓ વિગતે નથી કરી એની ખોટ વરતાય છે.

**'બંગાળી કવિતાની સમૃદ્ધિ'** લેખમાં વિવેચકે બંગાળી કવિતાના સંચયને એક ગુજરાતી જે બંગવાસી છે એણે પ્રકાશિત કર્યો છે એની નોંધ લે છે. સંચયનું શીર્ષક 'કવિતા મારી બંગભૂમિની' છે. આ વિષય પરત્વે જતાં પહેલાં વિવેચકે સુરેશ જોષી અને ભોળાભાઈ પટેલે બંગાળી કવિતાનો પરિચય આપણને કરાવ્યો એ વાતને સ્મરી છે. આમ પરંપરાએ કરેલા પ્રદાનને એઓ સ્મરણમાં રાખે છે. વિવેચકે કાવ્યસંચયના શીર્ષક વિશે સ્પષ્ટતા કરી આપી છે. નલિન પટેલ માત્ર કવિતાઓનો અનુવાદ નથી કરતાં પરંતુ સંચયમાં જે લાંબી પ્રસ્તાવના આપે છે એની વિશેષતાની વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં ઉચિત નોંધ લીધી છે. વિવેચકે પ્રસ્તાવનામાં સમાવિષ્ટ વિગતો વિશેનો પરિચય આપ્યો છે. ભોળાભાઈ પટેલનો ગ્રંથ 'આધુનિકતા અને ગુજરાતી કવિતા'માંથી જે પસાર થયાં હોય એને પ્રસ્તાવનામાં સમાવિષ્ટ વિગતો પરિચિત લાગશે. પરંતુ વિવેચકનું માનવું છે કે, **'જે પ્રયોજનથી આ દીર્ઘ પ્રસ્તાવના તૈયાર કરવામાં આવી છે એ પ્રયોજન જોતાં આ પુનરાવર્તન કઠશે નહિં'**[૧૭૭]

આ સંચયની દીર્ઘ પ્રસ્તાવના દ્વારા 'આધુનિક બંગલા કવિતાનું' પ્રકાશન વર્ષ, રવીન્દ્રનાથની શૈલીમાંથી મુક્તિ મેળવવા પ્રયત્નશીલ બનતાં કવિઓ, કાવ્યયાત્રાની સાથે ચિંતનયાત્રાનો ઉલ્લેખ, ચિંતનના લીધે બંગાળી કવિતામાં આવતું પરિવર્તન વગેરે સાહિત્યિક વિગતોની નોંધ નલિન પટેલે લીધી છે એને વિવેચકે ટૂંકમાં રજૂ કરી છે. આ સંગ્રહમાં સંચિત થયેલી કવિતાની રચનાનો આરંભ જીવનાનંદદાસની કવિતાઓ દ્વારા કરવામાં આવ્યો છે. જીવનાનંદદાસથી લઈને કવિતાસિંહ સુધીના કવિઓ અને કવયિત્રીઓની કવિતા, વિષયવસ્તુ એકબીજાથી કેવી રીતે નોંખુ પડે છે એની તથા વિષયવસ્તુ કેવુ છે એની પરિચયાત્મક નોંધ રજૂ કરી છે.. કવિઓ વૈયક્તિક સંવેદનાને બદલે સામૂહિક સંવેદનાને નિરૂપે છે. વાગ્છટાનું તત્ત્વ, તત્સમસમ્‌ને બદલે બોલચાલની ભાષાનો વિનિયોગ છેલ્લા એક-બે દાયકાની કવિતામાં જોવા મળતું કાવ્યત્વ પ્રાપ્ત થતું નથી એની નોંધ લેતી વખતે

વિવેચકે મૂલ્યાંકનલક્ષી પદ્ધતિ અને કૃતિનિષ્ઠ અભિગમ અપનાવ્યો છે. વિવેચક કલાત્મકતાના ધોરણોને તો અપનાવે જ છે. વિવેચકે અનુવાદકની વિશેષતા અને મર્યાદાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં દર્શાવી આપી છે. **'એ વાત સાચી કે અનુરવીન્દ્ર બંગાળી કવિતાને પ્રત્યક્ષ રીતે આપણી સામે મૂકવાનો આવો પ્રયત્ન આજ સુધી કોઈએ કર્યો નથી. તો બીજી બાજુ, એ પણ સાચું કે અનુવાદની ભાષામાં ઘણી બધી મુશ્કેલીઓ વરતાય છે.'**[૧૭૮] વિવેચકે કવિતાના અનુવાદ અનુષંગેની મર્યાદાઓ દર્શાવી આપી છે. વિવેચકે આ બાબતના સંદર્ભે ઘણાં સૂચનો કર્યા છે. જે યોગ્ય છે. વિવેચકે પ્રસ્તુત લેખમાં નલિન પટેલે લખેલી પ્રસ્તાવના અને સંચયમાં સમાવિષ્ટ થયેલી કવિતાઓના વસ્તુને કેન્દ્રમાં રાખીને બંગાળી કવિતામાં આવેલાં પરિવર્તનોની નોંધ સાહિત્યિક સંદર્ભમાં લીધી છે. વિવેચકે નલિન પટેલના આ પ્રકારના કાર્યને આવકાર્યું છે. વિવેચકની પદ્ધતિ પરિચયાત્મક રહી છે તથા એમનો અભિગમ કૃતિનિષ્ઠની સાથે clutural પણ રહ્યો છે.

**'બાબુ સુથારની કવિતા વિશે'** લેખમાં બાબુ સુથારના જન્મથી લઈને એમની સાહિત્યરુચિ ઘડવામાં ભાગ ભજવનાર પંચમહાલનો વિસ્તાર, વડોદરા-મુંબઈના શિક્ષકો, બીજા ક્ષેત્રો સાથેનો એમનો પોતાનો સંપર્ક, ફિલાડેલ્ફિયા પહોંચ્યા ત્યાંનુ જગત જેવી સ્થળવિષયક વિગતોના અનુસંધાનામાં એમની કવિતાનો આસ્વાદાત્મક પદ્ધતિએ કૃતિનિષ્ઠ અને સાંસ્કૃતિક અભિગમે પરિચય કરાવ્યો છે. વિવેચકે બાબુ સુથારની કાવ્યરચનાઓનું મૂલ્યાંકન સામાજિક-સાંસ્કૃતિક પરિબળોના અનુસંધાને કર્યું છે. બાબુ સુથારની કાવ્યરચનાઓમાં એમનું ગામ શ્વસે છે. એમની રચનાઓ વિશે વિવેચકે નોઘ્યું છે કે, હકીકતથી માંડીને કપોલકલ્પિતનાં પ્રદેશો, કલ્પન, પ્રતીક, અલંકાર જેવી યુક્તિઓનો વિનિયોગ કર્યો છે. એમના કાવ્યમાં વાસ્તવજગત, કલ્પનાજગત, સ્વપ્નજગત એકબીજામાં ઓગળી જતું લાગે છે. વિવેચકે આ વાતની પૂર્તિ એમના દરેક કાવ્યોના અનુસંધાનમાં કરી છે. વિવેચકે બાબુ સુથારના ચાર કાવ્ય સંગ્રહો અતંર્ગત એમની કાવ્યભાવનાને તપાસી છે. બાબુ સુથારનો પહેલો કાવ્યસંગ્રહ 'ગુરુજાપ અને માંલ્લું'માં તળપદ વાતાવરણ, કપોળકલ્પિતનો વિનિયોગ, મંત્રતંત્રની કવિતા પછી સમકાલીન વાસ્તવને

આલેખતી કવિતા, કોમી રમખાણો, કલ્પનો અને પ્રયુક્તિઓનો વિનિયોગ વિશે વિવેચકે આસ્વાદાત્મક પરિચય કરાવ્યો છે. 'સાપફેરા' કાવ્યસંગ્રહમાં આદિમચેતનાનું નિરૂપણ થયું છે. આ સંગ્રહના કાવ્યો ભાવક પાસે સજ્જતા માંગી લે છે એની ટૂંકમાં ચર્ચા પાશ્ચાત્ય સર્જકોના અનુસંધાને રજૂ કરી છે. 'ઘરઝુરાપો' કાવ્યસંગ્રહમાં વાસ્તવ-અવાસ્તવ, સ્વપન, જાગૃતિ એકબીજામાં ઓગળી જાય છે. સમકાલીન જે ભયાવહ વાતાવરણ છે એને અલગ રીતે અભિવ્યક્ત કરતી વખતે કવિની ભાષાની તપાસ વિવેચકે કરવાની હતી જે કરી નથી. જોકે એમણે દોસ્તેએવસ્કીએ 'પાશવી વર્તન' શબ્દમાંનો પાશવી શબ્દ મનુષ્ય માટે પ્રયોજવા સામે વાંધો લીધો છે એની ચર્ચા જરૂર કરી છે. 'નદીચાલીસા'માં કવિ દરેક વસ્તુની શોધ ચલાવે છે. વિવેચકને વાચાળતા મર્યાદારૂપ બનતી લાગે છે. આ કાવ્યસંગ્રહમાં છિન્ન-ભિન્નની લાગણી કવિને થઈ છે એની વાત વિવેચકે ઉચિત પરિપ્રેક્ષ્યમાં કરી છે. 'ઘરઝુરાપો' માં વિષયનું પુનરાવર્તન થતાં વધુ આકર્ષક રચનાઓ લાગતી નથી એવો વિવેચકનો સૂર છે. બાબુ સુથારની અન્ય સાહિત્યિક પ્રવૃત્તિ વિશે પણ વિવેચકે પરિચય આપ્યો છે.

**પડકારો ઝીલતો અને પડકારતો વિવેચનગ્રંથ 'અપૂર્ણ'** લેખમાં નીતિન મહેતા કૃત 'અપૂર્ણ' વિવેચનગ્રંથ વિશે મૂલ્યાંકન સંસ્કૃતમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાને રજૂ કર્યું છે. નીતિન મહેતાની વિવેચનલક્ષી વિચારણાનો વિવેચક નિર્દેશ કરે છે કે કોઈપણ કૃતિનું વાચન સંપૂર્ણ હોતું નથી. વિવેચકે પણ આ વિચાર જણાવતાં પહેલાં પોતાની વિચારલક્ષી ભૂમિકા રજૂ કરી છે. નીતિન મહેતા પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાથી સભાન રહે છે તથા પશ્ચિમીમીમાંસાની સાહિત્યપદાર્થને ઓછું મહત્ત્વ આપવાની વિચારસરણીથી પણ પરિચિત છે. પાશ્ચાત્ય સાહિત્યવિચારથી અવગત કરાવતાં સર્જક વિવેચકોમાં એમનું નામ લેવામાં આવે છે. આમ વિવેચકે નીતિન મહેતાની વિવેચક પ્રતિભાથી પરિચિત કરાવવાનું કામ અહીં કર્યુ છે.

'અપૂર્ણ' ગ્રન્થ ત્રણ વિભાગમાં વિભાજિત છે, તથા આ વિભાગમાં કયા પ્રકારનાં લેખો સમાવિષ્ટ છે. વિવેચકે એક-બીજા સાથે સંવાદ કરતાં હોય એ

પદ્ધતિએ આ ગ્રંથનું અવલોકન કર્યું છે. કવિ કાવ્ય કંઈ રીતે સર્જતો હોય છે, એમાં પ્રયુક્તિ કામે લગાડતાં આગવું કાવ્યવિશ્વ નિર્માણ પામે છે એવો નીતિન મેહતાનો કવિ, કવિતા વિશેનો વિચાર પાશ્ચાત્ય વિચારકોના અનુસંધાનમાં રજૂ કર્યો છે. વિવેચકે નીતિન મહેતાની વિચારણાનો પરિચય સદષ્ટાંતમૂલક રીતે કરાવ્યો છે. પશ્ચિમી આધુનિક-આધુનિક સાથે ગુજરાતી સાહિત્ય વિવેચનની તુલના, મૌલિકતા અનુષંગે રાજેશ પંડયા અને જયદેવ શુકલ સાથે સંવાદ, નરસિંહ મેહતાની કવિતા અનુષંગેની ચર્ચા, નવલરામ વિશે પ્રેમાનંદના સંદર્ભેનું ભાષ્ય, વસ્તુલક્ષી પદાર્થ વગેરેની ચર્ચા-વિચારણા વિવેચકે અવતરણો સહિત પાશ્ચાત્યમીમાંસા અને અન્ય મધ્યકાલીન કવિ, ગુજરાતી વિવેચકોના અનુસંધાનમાં રજૂ કરી છે. ગ્રન્થનાં બીજા વિભાગમાં નીતિન મહેતાએ કૃતિનિષ્ઠ અભિગમે કાવ્યસંચયોની સમીક્ષા કરી છે. વિવેચક કહે છે કે, નીતિન મહેતાની વિચારણામાં જે પરિવર્તન આવે છે એ અહીં નોંધી શકાશે. પરંતુ એની કોઈ સદષ્ટાંત ચર્ચા વિવેચકે કરી નથી માત્ર ઉલ્લેખ કરીને ચર્ચા અધૂરી મૂકીને બીજા મુદ્દા તરફ આગળ વધી જાય છે.

ત્રીજા વિભાગની માત્ર પરિચયાત્મક નોંધ આપી છે. એડમન્ડ ઝાબેની વિચારણા સાથે ઉમાશંકર જોશી અને સુરેશ જોષીની વિચારણા સર્જકતા સંદર્ભે સામ્યતા ધરાવે છે. વિવેચકે નીતિન મહેતાનો દષ્ટિકોણ આધુનિક અને અનુઆધુનિક ગણાવ્યો છે. નીતિન મહેતાની કાવ્ય વિવેચનલક્ષી વિચારણાના ઘડતરની બહુ ઓછી વાત વિવેચકે કરી. કારણ કે નીતિન મહેતા જે ચર્ચાઓ કરે છે એ ચર્ચાઓ ઉમાશંકર જોશી અને સુરેશ જોષી દ્વારા થઈ ગઈ છે. વિવેચકે નીતિન મહેતાને જે નવીનતાની અપેક્ષા ખપે એ તરફનો નિર્દેશ કેમ કર્યો નથી ?

**સામયિક**

**'જર્નલ ઓફ આર્ટસ એન્ડ આઈડિઆઝ' એક વિશિષ્ટ સામયિક-** આ સામયિકના સંપાદકોનો નામ શ્રી પી.જી.દેશપાંડે, વિવાન સુંદરમ્, ઈન્દિરા, ચન્દ્રશેખર, ચંચલ ચૌહાણ છે. વિવેચકે સંપાદકોના નામ જણાવી સામયિકનાં કાર્ય,

એનો દષ્ટિબિંદુ, આપણા માનસની ટૂંકમાં ચર્ચા આરંભમાં કરી છે. આપણે કળા કે સાહિત્યની ચર્ચા વિચારણા પાશ્ચાત્યના અનુસંધાને જ કરતા હોઈએ છે. વિવેચકે પણ આ વાત કરીને પોતે આપણા સાંસ્કૃતિક સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવી જોઈએ એ વાત પર ભાર મૂકયો છે. સામયિકના તંત્રીની ફરિયાદ વિશે કહે છે કે, **'ભારતીય સાહિત્ય' ની પ્રત્યેક ચર્ચા વખતે આપણા દેશમાં ખરેખર શું સર્જાઈ રહ્યું છે તેની વાત ભાગ્યે જ થતી હોય છે એવી ફરિયાદ આ સામયિકના તંત્રી સ્થાનેથી કરવામાં આવી છે.'**[૧૭૯] બીજો મહત્ત્વનો પ્રશ્ન પણ આ સામયિકમાં ઉઠાવવામાં આવ્યો છે કે, સમકાલીન સંદર્ભમાં સામાજિક વાસ્તવને કૃતિબાહ્ય માનવાની પ્રણાલી કેટલી યોગ્ય છે ? આમ વિવેચકે સંપાદકના સામયિકને પ્રકાશિત કરવા પાછળનો આશય પણ પ્રગટ કરી આપ્યો છે. વિવેચકે આ સામયિકના પહેલાં અંકને કેન્દ્રમાં રાખીને એના લેખકોએ લખેલાં લેખ વિશે ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા રજૂ કરી છે. વિવેચકે લેખો વિશે પણ સૂચનો કર્યા છે કે, એક લેખ ગીતાકપૂરનો ૧૯૩૦ ની આસપાસની ચિત્રકળા વિશેનો છે તો બીજો લેખ ૧૯૩૦ પહેલાંની ચિત્રકળા વિશે રાખવો જોઈતો હતો. આમ વિવેચકે linking કેવી રીતે કરવું એની સૂઝ પણ પ્રગટાવી આપે છે.

નાટક વિશેના લેખો અંગેની ચર્ચામાંથી એક સૂર એ પ્રાપ્ત થાય છે કે કળા કે કૃતિને પોતાના સંદર્ભમાં પાંગરવા દેવી. બીજી ભૂમિ પરથી લાવીને આપણી ભૂમિ પર એને લાવવાથી ઈચ્છનીય પરિણામ આવતું નથી. વિવેચકે પણ આ પ્રકારની વિચારણા સાથે સંમતિ દર્શાવી છે. શેમી ખોસલાનો લેખ જેમાં પાશ્ચાત્ય ઢબે ઈમારતો, નગરનું આયોજન થયું છે એની વાત કરવામાં આવી છે. પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવવાની ના પાડતાં નથી પરંતુ આપણી ભારતીય સંસ્કૃતિને કેવી રીતે જાળવી રાખવી એ પણ બહુ મહત્ત્વ ધરાવે છે. ટૂંકમાં આ લેખમાં મહત્ત્વનો કેન્દ્રવર્તી વિચાર જ એ છે કે આપણી સંસ્કૃતિ, આપણા સંદર્ભોને કેન્દ્રમાં રાખવા જરૂરી છે. આ વિચારસરણીના અનુસંધાનમાં જ લેખો લખાયાં છે. વિવેચકનો સામયિકને ઊઘાડી આપવા માટેનો પ્રયત્ન ખરેખર સારો રહ્યો છે. 'આત્મસંજ્ઞા'ની શોધ આ પ્રકારના સામયિકો સૂચવે છે. એ દિશામાં આગળ જવાની સૂઝ આપે છે.

વિવેચકનો અભિગમ સાંસ્કૃતિક રહ્યો છે. આપણા મૂળિયાંને કેન્દ્રમાં રાખીને સર્જન-મૂલ્યાંકન કરવું એવા સૂચનો કર્યા છે. જયાં લેખો અનુષંગે સૂચન કરવાનું હોય ત્યાં સૂચન પણ કર્યું છે.

વિવેચકે **'સુવર્ણમાલા'** સામયિકના સંપાદક અને સહસંપાદકના નામ જણાવ્યાં છે. મુખ્ય સંપાદક ઉદ્યોગપતિ પુરુષોત્તમ માવજી વિશ્રામ છે જયારે સહસંપાદક જે પાછળથી જોડાયેલા રા.ચંદ્રકાંત. એમનુ આખું નામ નથી મળતું એ વાતને પણ મૂકી આપે છે. આમ વિવેચકની સૂક્ષ્મદષ્ટિનો પરિચય થાય છે. વિવેચકે આ સામયિકની ખાસિયતો બતાવી આપી છે. જેમકે આ સામયિકમાં અંગ્રેજી સામગ્રી આવતી એનો અનુવાદ પણ આપવામાં આવતો હતો. એની સાથે બીજા અન્ય સામયિકને 'મનોરંજક રત્ન' અને 'જ્ઞાનદીપક' માં પણ અંગ્રેજી સામગ્રી આવતી હતી. આમ એક સામયિકની વાત કરતી વખતે બીજા સામયિકોની વિશેષતાને પણ દર્શાવી આપે છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. વિવેચકની વ્યાપક દષ્ટિનો પણ પરિચય થાય છે. વિવેચકે પાદટીપમાં જણાવ્યું છે કે આ સામયિક એમને કયાંથી પ્રાપ્ત થયું અને બીજા અંકો મેળવી આપવામાં જે લોકોએ મદદ કરી છે એમનાં નામનો પણ ઉલ્લેખ કર્યો છે. 'સુવર્ણમાલા' સામયિકોનો મુખ્ય આશય 'કળા' પ્રત્યેનો હતો. પરંતુ આ સામયિક બીજા ક્ષેત્રોને પણ આવરી લે છે, તથા સંપાદકની વિદ્વતા વિશે, 'સુવર્ણમાલા'ની જોડણીમાં સુસંગતતા જોવા નથી મળતી એનો ઉલ્લેખ, અંગ્રેજી લેખોનો સમાવેશ તો થાય છે જ, પરંતુ એના ગુજરાતી રૂપાંતરો પણ થયાં છે, વિવિધ ક્ષેત્રોને આવરી લેતું સંપાદકનું વિશાળ વાચન, જૂનામાં જૂની હસ્તપ્રતોની જાણકારી, ઘણીબધી અજાણી કલમોનો સમાવેશ, સંપાદકની રુચિ વિશે, મહત્ત્વના પુસ્તકોની જાણકારી, સામયિકના મુખપૃષ્ઠ સાથે લેખનું અનુસંધાન, સંપાદકે ઈતિહાસ લખાવવાં માટે કરેલા પ્રયત્નો વિશેની નોંધ, સારી વાર્તાઓની પ્રાપ્તિ, 'કુમાર' સામયિકમાં જે સામગ્રી પ્રગટ થવાની હતી એની પૂર્વ તૈયારી આ સામયિકમાં જોવા મળે છે જેવી વિગતોની વિવેચકે પરિચયાત્મક ભાષામાં મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ નોંધ લીધી છે. વિવેચકનો અભિગમ વસ્તુલક્ષી અને તુલનાત્મક રહ્યો છે. વિવેચકે સંપાદકની

વિદ્વતા, એમની ઉદાર રુચિનો સદષ્ટાંત પરિચય કરાવ્યો છે. સંપાદકની સૂઝ-બૂઝને દર્શાવતી વખતે વિવેચકને કંઈ અમૂલ્ય પ્રાપ્ત થયું હોય એની પ્રતીતિ થઈ આવે છે. લેખમાં સામયિકના મુખપૃષ્ઠનું ચિત્ર પણ મૂક્યું છે. આમ વિવેચકની ઝીણવટભરી દષ્ટિનો પરિચય પ્રસ્તુત લેખમાંથી પસાર થતાં થાય છે. શિક્ષણ કેવી રીતે આપવું, એની પદ્ધતિ વિશેની વાત આ સામયિકના લેખોમાંથી મળી રહે છે. આ સામયિક એમના મતે આમ વિશિષ્ટ બની રહે છે.

**'સંગના'** સામયિક વિશે વિવેચકે 'નોખું' એવો શબ્દ પ્રયોજયો છે. વિવેચકના મતે આવો શબ્દ બહુ ઓછાં સામયિકો માટે પ્રયોજાય કારણ કે કેટલાંક સામયિકને વિવેચકના મત મુજબ નોખી મુદ્રા હોતી નથી. આ સામયિકની સામગ્રી વિશે વિવેચકે નોંધ કરી છે. આ સામયિક 'સંગીત નાટક અકાદમી' થી પ્રકાશિત થાય છે. સામયિકમાં વપરાતાં પૃષ્ઠનું માપ, પ્રથમ અંકનું વર્ષ, પ્રકાશન સ્થળ, કિંમત અને સંપાદક પ્રયાગ શુકલ જેવી બાહ્ય વિગતોનો પરિચય પાદટીપમાં આપ્યો છે. સામયિકમાં સંગીત, નૃત્ય, નાટક, ફિલ્મ-સાહિત્ય-માઈમ વિશેના લેખનો સમાવેશ થાય છે. વિવેચકે આ સામયિકમાં પ્રગટ થતી સામગ્રી વિશે નોધ્યું છે કે, **'સ્વાભાવિક રીતે જ ઝોક અપાયો છે પ્રસ્તુતિપ્રધાન કળાઓ ઉપર, સંપાદકનો અને સંપાદક મંડળ (કમલેશ દત્ત તિવારી, મુકુન્દ લાઠ, કપિલ તિવારી, જયન્ત કસ્તુઆર)નો આશય પ્રસ્તુતિપ્રધાન કળાઓ વિશે વિચારવિમર્શ કરવાનો હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે.'**[૧૮૦]

સામયિકમાં સમાવિષ્ટ લેખોની સામગ્રી વિશે એની વિશેષતા સહિત ચર્ચાઓ વિવેચકે રજૂ કરી છે. વિવેચકે જયારે એ સામગ્રી વિશેનો પરિચય અને મૂલ્યાંકન અનુક્રમે કરાવતાં અને કરતાં જાય છે ત્યારે એમનો ભાવક-વાચક તરીકેનો આનંદ પ્રગટ થઈ રહે છે. આ પ્રકારના સામયિકોની જરૂર છે, આપણી સમજને વિકસાવવા માટે એમ વિવેચકનું માનવું છે. એ વાત સાથે હું પણ સમંત થાઉ છું.

વિવેચકે ત્રણ સામયિકો વિશેના દષ્ટિકોણ, વિશેષ, હેતુઓની, જવાબદારીઓની ચર્ચા સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે અને ગુજરાતી સાહિત્યને આ રીતે પણ સમૃદ્ધ કરી શકાય છે એનો માર્ગ બતાવ્યો છે પ્રત્યક્ષ વિવેચનમાં

વિવેચકની કૃતિ પસંદગી એમની રુચિને દર્શાવી આપે છે. વિવેચકની રુચિ મોટાભાગે પાશ્ચાત્ય સાહિત્ય અને મીમાંસાથી ઘડાયેલી છે. કાવ્યકૃતિને તપાસતી વખતે કૃતિનિષ્ઠ અભિગમે તપાસ કરે છે અને આસ્વાદ કરાવતાં જાય છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક પણ મહ્દઅંશે હોય છે. માત્ર કવિતા પૂરતો નહિ પરંતુ મોટાભાગના બધા સ્વરૂપોની કૃતિનું વિવેચન કરતી વખતે આ પ્રકારનો અભિગમ અપનાવે છે. આ પ્રકારનો અભિગમ એમના વિશાળ વાચનની શાખ પૂરી આપે છે. વિવેચકે જે ટૂંકીવાર્તા અને નવલકથાની પ્રત્યક્ષ વિવેચન અનુષંગે પસંદગી કરી એમાં માનવી, માનવીપણું, માનવીપણાનો વિજય તથા સંઘર્ષ કરવાનું બંધ ન કરી હારનો અસ્વીકાર કરવો એવા તત્ત્વોનો તથા કૃતિનિષ્ઠ અભિગમને વળગી રહેવું જેવી લાક્ષણિકતાઓનો પરિચય થાય છે. અમૂક કૃતિઓને તપાસતી વખતે સુરેશ જોષીની કૃતિને જ માપદંડ માને છે એમનો આ approach કેટલો યોગ્ય ગણાય?

સૈદ્ધાન્તિક વિવેચનમાં મોટાભાગે એમનો રૂપરચનાવાદી અભિગમ બે દાયકા સુધી જોવા મળે. એમની વિવેચનલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર ‘સુન્દરમની કાવ્યભાવના’દ્વારા આવે છે. નાટક, નિબંધ, સામયિક વિશે જયારે સમીક્ષા કરે છે ત્યારે વિવેચક સારા નરસાં બંને પાસાંઓને રજૂ કરી આપે છે. માત્ર આ ત્રણ સ્વરૂપો માટે જ નહી પરંતુ બીજા અન્ય સ્વરૂપોની તપાસ દરમ્યાન સારા-નરસાં પાસાંઓની ચર્ચા સદષ્ટાંત કરે છે કયારેક અછડતી ચર્ચા કરે છે. વિવેચકની વિવેચનલક્ષી વિચારણાઓ સુરેશ જોષીથી પ્રેરિત છે. વિવેચકની ચેતનામાં જે સ્થિત્યંત્તરો આવ્યાં છે એની પ્રતીતિ એમના લેખોમાંથી થાય છે. પ્રત્યક્ષ વિવેચનલક્ષી લેખોની સંખ્યા સૈદ્ધાન્તિક વિવેચન કરતાં ઓછી છે પરંતુ ટૂંકીવાર્તા અને નવલકથા સ્વરૂપના લેખોમાં એમની ચેતનાનો વિસ્તાર થતો જોવા મળે છે. એમની વિવેચનલક્ષી, સર્જકલક્ષી વિચારણામાં વળાંક લાવવામાં પાશ્ચાત્ય નવલકથાકારોની નવલકથાએ પણ ભાગ ભજવ્યો છે એની નોંધ લેવી જરૂરી છે. આમ વિવેચકની વિવેચનલક્ષી વિચારણાઓ ભાવક અને અન્ય વિવેચકોને સાહિત્યક્ષેત્રે નવી દિશા આપે છે.

## પાદટીપ

૧૫૪ 'હે અંધકાર', ખેવના, સપ્ટે.૨૦૦૩,પૃ.૬૩

૧૫૫ 'મેટમોર્ફોસિસ', એતદ્, જાન્યુ-માર્ચ ૧૯૯૬, પૃ.૩૯

૧૫૬ 'ભીલ લોક મહાકવ્ય': રાઠોડ વારતા, એતદ્, એપ્રિલ–જૂન૧૯૯૩, પૃ. ૨૧

૧૫૭ 'ધ ઈડિયટ', ફાર્બસ ત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૭૬, પૃ.૭૫

૧૫૮ 'ધ બેલડ ઓફ ધ કાફે', ફાર્બસ ત્રૈમાસિક, જાન્યુ–માર્ચ ૧૯૮૦, પૃ.૩૦

૧૫૯ 'ધ ફ્રેંચ લેફટેનન્ટ્સ વુમન', ફાર્બસ ત્રૈમાસિક, એપ્રિલ–જૂન ૧૯૮૧, પૃ.૧૦૬

૧૬૦ 'ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત સાહિત્ય અને અને સામાજિક અભિજ્ઞતા', સામાજિક ચેતના,૧૯૮૭, પૃ.૧૨૧

૧૬૧ 'ગતાનુગતિકતાનું એક નવુ પ્રકરણ', ઊહાપોહ, મે-૧૯૭૧, પૃ.૦૯

૧૬૨ 'વિવેચની સાચી દિશામાં એક નવું સોપાન', એતદ્, ડિસ -૧૯૭૭, પૃ. ૪૦

૧૬૩ એજન, પૃ. ૪૫

૧૬૪ એજન, પૃ. ૪૫

૧૬૫ 'સાહિત્યના તુલનાત્મક અધ્યયનની દિશામાં', એતદ્, ઓકટો-૭૮, પૃ.૨૮

૧૬૬ એજન, પૃ.૩૦

૧૬૭ એજન, પૃ.૩૫

૧૬૮ 'એક સંક્ષિપ્ત અવલોકન', એતદ્, ઓકટો-૭૯, પૃ.૧૫

૧૬૯ 'સાહિત્યની પક્ષિલ સાધના', એતદ, જુન-૮૦, પૃ.૧૬

૧૭૦ 'વિવેચનના વ્યાકરણથી વિવેચનના તત્ત્વજ્ઞાન સુધી', ફાર્બસ ત્રૈમાસિક, જુલાઈ-ઓગ.-૧૯૮૦, પૃ.૧૫૮

૧૭૧ એજન, પૃ.૧૫૯

૧૭૨ એજન, પૃ.૧૬૪

૧૭૩ 'ગ્રંથાવલોકન', એતદ્, એપ્રિલ-જુન-૧૯૮૭, પૃ.૧૧૦

૧૭૪ 'એક અરૂઢ વિવેચન પુસ્તિકા', ફાર્બસ ત્રૈમાસિક, એપ્રિલ-જુન-૧૯૮૨, પૃ.૧૬૬

૧૭૫ એજન, પૃ.૧૬૭

૧૭૬ 'વીસમી સદીની પાશ્ચાત્ય નવલકથા વિશેનો અભ્યાસગ્રંથ', એતદ્, ઓકટો-ડિસ-૧૯૮૨, પૃ.૧૦૨

૧૭૭ 'બંગાળી કવિતાની સમૃદ્ધિ', એતદ્, માર્ચ-એપ્રિલ-૧૯૯૯, પૃ. ૫૫

૧૭૮ એજન, પૃ.૫૬

૧૭૯ 'જર્નલ ઓફ આર્ટ્સ એન્ડ આઈડિઆઝ એક વિશિષ્ટ સામયિક', એતદ્, જૂન-૧૯૮૩, પૃ.૩૨

૧૮૦ 'સંગના', સમીપે, જાન્યુ-૨૦૧૦, પૃ.૧૦૪